## પ્રેમે કરો બાર પર્વ આરાધના




# શ્રી સિદ્ધચક્ર પર્વ

પ્રેરક : શ્રી પ્રેમ ગુરુ કૃપાપાત્ર શિષ્યરત્ન પ.પૂ.આ.ભ. શ્રી રત્નશેખરસૂરીશ્વરજી મ.સા.

પ્રકાશક

શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિ વિહાર જૈન ટ્રસ્ટ - શંખેશ્વર



શ્રી જીરાવલાપાર્શ્વનાથ ભગવાન



શ્રી શંખેશ્વરપાર્શ્વનાથ ભગવાન



શ્રી ભક્તિપાર્શ્વનાથ ભગવાન



|| શ્રી જીરાવલા-શંખેશ્વર-ભક્તિ પાર્શ્વનાથાય નમઃ ||
|| અનંત લબ્ધિનિધાન શ્રી ગૌતમ ગણધરાય નમઃ ||
|| શ્રી ધર્મ-ભક્તિ-પ્રેમ-સુબોધ ગુરુભ્યો નમઃ ||

# પ્રેમે કરો બાર પર્વ આરાધના

## શ્રી સિદ્ધચક્ર નવપદજી આરાધના સંગ્રહ


પ્રેરક : તપાગચ્છસૂર્ય પ્રશાન્તમૂર્તિ ૧૦૮ પાર્શ્વનાથ મહાપ્રાસાદના પ્રેરક પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના શિષ્ય રત્ન પ.પૂ. પંન્યાસ પ્રવરશ્રી રત્નશેખર વિજયજી ગણિવર (પંચપરમેષ્ઠીમાં તૃતિયપદે આરૂઢ થનાર)

સંપાદક : પ.પૂ. મુનિશ્રી પ્રશાંતશેખરવિજયજી મ.સા.


ઉપયોગ :- પ્રભુભક્તિ અને સ્વાધ્યાય


• પ્રકાશક •

શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિ વિહાર જૈન ટ્રસ્ટ

(શંખેશ્વર)

ફોન : ૦૨૭૩૩-૨૭૩૩૨૫, ૨૭૩૪૪૪.

## • નિમિત્ત •

તપાગચ્છસૂર્ય પ્રશાન્તમૂર્તિ ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર ટ્રસ્ટના પ્રણેતા **પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા.** ના તપાગચ્છાધિપતિ પદ પાટોત્સવે તથા **૭૫ વર્ષના સંયમ જીવનના હીરક** મહોત્સવે **અને આચાર્યપદ પ્રદાન** મહોત્સવે...

**વૈશાખ સુદ-૧૦ (પ્રથમ)**

તા. ૭-૫-૨૦૦૬, રવિવાર

**આવૃતિ** : **પ્રથમ**

**નકલ** : **૧૦૦૦**

**ટાઈપસેટીંગ** : **જૈનમ્ ગ્રાફીક્સ,**
સી-૧૪૧, પહેલા માળે, બી.જી. ટાવર્સ,
દિલ્હી દરવાજા બહાર, અમદાવાદ.
ફોન : ૨૫૬૨૭૪૬૯.

**પ્રાપ્તિસ્થાન** : **શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિ વિહાર**
**જૈન ટ્રસ્ટ - શંખેશ્વર**

# પ્રસ્તાવના

શ્રી વીતરાગ પરમાત્મા પ્રરૂપિત, સર્વજ્ઞકથિત, તીર્થંકર પ્રભુએ સ્થાપિત આ જૈન શાસનમાં આત્માની ઉન્નતિ, પ્રગતિ, શુદ્ધિ અને સિદ્ધિ માટે બાર પર્વોની સ્થાપના કરવામાં આવેલ છે, પર્વનો અર્થ જ એ થાય છે કે જે પર્વની આરાધના કરવાથી જીવનમાં રાગ-દ્વેષ-કષાયભાવ પાપ, દોષ આદિનું શમન (ક્ષય) થાય અને આત્માને ક્યારેય કોઈપણ ભવમાં આનંદની અનુભૂતિ ન થઈ હોય એવા પ્રકારના આનંદની અનુભૂતિ પર્વ આરાધના દ્વારા શક્ય બને તેનું નામ પર્વ.

જે આરાધે પર્વ તે જીવ કદી ન કરે ગર્વ, જે ન કરે ગર્વ તે જ આરાધી શકે આ બાર પર્વ

જીવનના ક્ષેત્રમાં દોષોનું દહન, કર્મોનું શમન, પાપોનું પક્ષાલન ન થાય ત્યાં સુધી આત્માને શુદ્ધિ-સિદ્ધિ ક્યારેય પ્રાપ્ત થતી નથી, માટે જ પ્રભુએ જુદા-જુદા પર્વોની આરાધના દ્વારા તપ-ત્યાગના ભાવો ખુબ વધે તે જ માટે આ પર્વોના આયોજન કરેલ છે.

**બીજ પર્વ :**

બીજના ચંદ્રમાની પેઠે ખીલતું આત્માનું પુષ્પ સર્વવિરતિ અથવા દેશવિરતિ ધર્મની આરાધના દ્વારા ખીલતો ખીલતો આત્મા પૂર્ણિમાના ચંદ્રની જેમ અખંડ ચંદ્ર બની આત્મા અખંડ આનંદની અનુભૂતિ કરી શકે માટે આ બીજ પર્વની આરાધના કરવાની છે.

**જ્ઞાન પંચમી અને નેમનાથ જન્મકલ્યાણક પર્વ :**

તીર્થંકર પરમાત્માની ચ્યવન, જન્મ, દીક્ષા, કેવલ, નિર્વાણ આ પાંચ કલ્યાણકોની આરાધના દ્વારા આત્માને જ્ઞાનના પાંચ ગુણો જે બતાવવામાં આવ્યા છે તે પ્રાપ્ત થાય છે. મતિ- ્ત અવધિ-મન પર્યવ અને કેવલ આ પાંચ જ્ઞાન તીર્થંકરોની ભક્તિની શક્તિ દ્વારા પ્રાપ્ત થતાં હોય છે. અને મંદ બુદ્ધિ વાળા જીવો જો આ જ્ઞાનપંચમીની આરાધના કરે તો જ્ઞાનનો ક્ષયોપશમ તીવ્ર બને છે. અલ્પ બુદ્ધિ વાળા જીવો પણ જ્ઞાનની પ્રાપ્તિ વાળા થાય છે માટે જ પંચમી પર્વ બતાવવામાં આવેલ છે.

### અષ્ટમીપર્વ :

મુખ્યત્વે આત્મા સમયે સમયે એક આયુષ્ય કર્મ સિવાય બાકીના સાત કર્મો સતત બાંધે છે, એ આઠે આઠ કર્મોને નષ્ટ કરવા માટે તથા અષ્ટ મહાસિદ્ધિઓના ધારક બનીને આત્મા પરંપરાએ સિદ્ધિદશાને પામી શકે માટે અષ્ટમી પર્વનું વિધાન છે.

### પોષદશમી પર્વ :

આત્માને તીર્થંકર પરમાત્માની ભક્તિ કરવાનો સુઅવસર પ્રાપ્ત થાય અને આ ભવમાં તો અવશ્ય સમાધિમરણની પ્રાપ્તિ કરાવી આપે અને પરંપરાએ સદ્ગતિનો ભોક્તા બનાવે અને ઉત્તરો ઉત્તર મોક્ષસુખના ફળો પ્રાપ્ત કરાવી આપે એવો જો કોઈપણ પર્વ હોય તો એક માત્ર પાર્શ્વ પ્રભુનો જન્મ કલ્યાણક પર્વ કે જે આ અવસર્પિણીકાલમાં પુરૂષાદાનીય તથા પ્રકટ પુણ્યશાળી તથા પ્રબલ આદેય નામ કર્મી તીર્થંકર પરમાત્માનો જન્મ કલ્યાણક સંબંધિ પર્વ એટલે આ પર્વ...

### મૌન એકાદશી પર્વ :

મૌન રહેવાથી આત્મામાં શક્તિનું એક જબરદસ્ત સંયમ (સંગ્રહ) થાય છે. વર્ષમાં એક દિવસ ઉપવાસ કરીને તથા મૌન રહીને દરેક દરેક ક્રિયાથી અવશ્ય દોઢસો ગણું લાભ આત્માને પ્રાપ્ત થાય અને સાથે સાથે દોઢસો કલ્યાણકોની ઉજવણી સ્વરૂપે દોઢસો ગણી, ભક્તિનો લાભ પણ પ્રાપ્ત થાય એવો જો કોઈપણ પર્વ હોય તે માત્ર આ મૌન એકાદશી પર્વ. (ઉપવાસ એક અને લાભ અનેક)

### ચૈત્રી પૂનમની આરાધના :

શત્રુંજય પર્વતપર પાંચ ક્રોડ મુનીઓની સાથે મોક્ષ સુખ મેળવનાર એવો કોઈપણ આત્મા હોય તે પુંડરિક સ્વામી ગણધર ભગવંત આ આત્માએ આજના દિને મોક્ષ સુખ પ્રાપ્ત કરેલ એવા આત્માની આરાધના દ્વારા જેમ પૂર્ણિમાનો ચાંદ સોળે કળાએ ખીલે છે ને અખંડ સ્વરૂપને ધારણ કરે છે તેજ રીતે આત્મા આ દિવસે આ પર્વની આરાધના કરે તો અવશ્ય અખંડ આનંદનો રસાસ્વાદને અવશ્ય પામે માટે ચૈત્રી પૂનમ પર્વ બતાવેલ છે.

**ચૌમાસી પર્વ :**

ચાર-ચાર માસના ત્રણ વિભાગો અને એમાં પણ ત્રણ અઠાઈઓનું વિધાન.

અષાઢી ચૌમાસ થી કારતક ચોમાસી પર્યંત...૧

કારતક ચૌમાસી થી ફાગણ ચોમાસી પર્યંત... ૨

ફાગણ ચૌમાસી થી અષાઢ ચોમાસી પર્યંત... ૩

આ રીતે ત્રણ ચોમાસી પર્વ બતાવવામાં આવેલ છે. ત્રણેય ચોમાસીમાં ફરજિયાત અઠાનો વિધાન છે. આ ત્રણેય ચોમાસીમાં જ બાર પર્વોનો પણ સમાવેશ થાય છે, માટે જ આ ચોમાસી પર્વ મુખ્યત્વે ચારે ચાર ગતિના દુઃખોના નિવારણ માટે તથા ચારેય કષાયો પર વિજયતા મેળવવા માટે આ પર્વની આરાધના કરવામાં આવેલ છે.

**પર્વ પર્યુષણ આરાધના પર્વ :**

આ પર્વ બારેય બાર પ્રકારના પર્વોમાં જો કોઈપણ પર્વ પર્વાધિરાજ અથવા પર્વોના સમ્રાટ તરીકેનું કોઈ બિરુદ ધરાવતું હોય તો તે એકમાત્ર આ પર્વ છે. આ પર્વ એટલે ક્ષમાપના મહાપર્વ છે. જીવનમાં જો ક્ષમા ભાવ નથી આવતો તો હજુ પર્વ આરાધના તમારાથી દૂર છે, એ સિદ્ધ થાય છે. દરેકે-દરેકે પર્વ રાગ દ્વેષની ગ્રંથિઓને નિર્મૂલ કરવા તથા જીવનમાં ક્ષમાના પુષ્પો ખીલવવા માટેના છે. માટે જ આ પર્વ મુખ્યત્વે સાંવત્સરિક ક્ષમાપના મહાપર્વ તરીકે પણ પ્રખ્યાત છે.

**નવપદ આરાધના સિદ્ધચક્ર મહાપર્વ :**

અરિહંત-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય અને સાધુ તથા દર્શન-જ્ઞાન-ચારિત્ર તપ આ રીતે નવપદજીનું સંકલન છે. આમાં દેવ-ગુરૂ અને ધર્મ આ ત્રણ તત્વો એટલે તત્ત્વત્રયીનો વિનિયોગ પણ છે. આના મુખ્ય આસો તથા ચૈત્ર માસના દિવસોમાં વિશિષ્ઠ રીતે આરાધના થતી હોય છે, આ દિવસો શાશ્વત દિવસો છે. કારણ આ પર્વની આરાધના દરેકે-દરેક તીર્થંકરોના શાસનમાં ફરજિયાત થતી હોય છે. માટે જ નવપદના દિવસે અખંડ આંકજ તરીકે પણ સિદ્ધ થાય છે અને અખંડ આનંદ આપનારા છે.

## દિવાળી પર્વની આરાધના :

આ અવસર્પિણી કાલના છેલ્લા ૨૪ માં તીર્થંકર પ્રભુ મહાવીરસ્વામીના નિર્વાણકલ્યાણક સંબંધિ દિન એટલે દિવાળી પર્વ. પ્રભુ પોતે ભાવ દીવા સમા હતા, પણ નિર્વાણ પામવાથી લોકોએ દ્રવ્ય દિવા પ્રગટ કર્યા, ત્યારથી આ પર્વની શરૂઆત થઈ છે.

આ બારેય બાર પર્વો મુખ્યત્વે તીર્થંકર ભગવંતોએ સ્થાપ્યા છે. આપણાં દરેકે દરેક પર્વોમાં પ્રભુએ તપ-ત્યાગ-સાધના-આરાધના-ઉપાસના ને જ મહત્વ આપ્યું છે. ક્યાંય કોઈપણ પર્વમાં મોજ-શોખ કે એશ આરામની વાત જોવા નથી મળતી. જેમાં તપ-ત્યાગ આરાધના વિ. ના હોય તેને પર્વ પણ ન કહેવાય, માટે આ બારેય પર્વોની આરાધના સારી રીતે કરી શકે તે વસ્તુને ધ્યાનમાં લઈને દરેક જીવો કંઈક કંઈક ધર્મ કરી શકે એજ ધ્યેય થી મારા શિષ્ય મુનિશ્રી પ્રશાંતશેખરવિજયજી મ.સા. સંપૂર્ણ બારેય પર્વોનો સંપૂર્ણ સાહિત્યનો સંકલન કરી છપાવવા માટે આ પ્રયાસ આદર્યો છે, તે ખરેખર અનુમોદનીય છે. તથા પ્રુફ સંશોધન કરી આપવામાં પ્ર.પૂ.સા.શ્રી વિધુત્પ્રભાશ્રીજી મ.ના શિષ્યા પૂ.સા.શ્રી રત્નપ્રભાશ્રીજી મ.ના શિષ્યા પૂ.સા.શ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજી મ. સાહેબે પણ સુંદર સહકાર આપેલ છે.

આ પુસ્તકનો સુંદર સદ્‌ઉપયોગ કરી અને બારે બાર પર્વોની આરાધના કરી-કરાવી તમારા આત્માને વધુને વધુ નિર્મલ બનાવી ઉત્તરોત્તર ઉન્નતિના શિખરો સર કરે અને પરંપરાએ શિવસુખનો ભોક્તાબને.

એજ મનોકામના સાથે.....

**શ્રી ૧૦૮ તીર્થ પ્રેરક તપાગચ્છસૂર્ય, ગચ્છાધિપતિ પ્રશાંતમૂર્તિ આચાર્યભગવંત શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા. ના શિષ્ય રત્ન પંન્યાસપ્રવરશ્રી રત્નશેખર વિજયજી મ.સા. (પંચપરમેષ્ઠીમાં તૃતિયપદે આરૂઢ થનાર)**

# અનુક્રમણિકા


| નામ | પેજનંબર |
|---|---|
| ❑ શ્રી સિદ્ધચક્રના ચૈત્ય વંદનો | ૧ થી ૭ |
| ❑ શ્રી સિદ્ધચક્રજીની થોયો | ૭ થી ૧૯ |
| ❑ શ્રી સિદ્ધચક્રનું ચાર ઢાળનું સ્તવન | ૧૯ થી ૨૨ |
| ❑ શ્રી સિદ્ધચક્રનું ત્રણ ઢાળનું સ્તવન | ૨૨ થી ૨૩ |
| ❑ શ્રી સિદ્ધચક્રનું ચાર ઢાળનું સ્તવન | ૨૪ થી ૩૩ |
| ❑ શ્રી સિદ્ધચક્રનું નવ ઢાળનું સ્તવન | ૩૩ થી ૪૦ |
| ❑ શ્રી નવપદજીના સ્તવનો | ૪૦ થી ૫૪ |
| ❑ શ્રી અરિહંતપદની સજ્ઝાય | ૫૪ થી ૫૫ |
| ❑ શ્રી સિદ્ધપદની સજ્ઝાય | ૫૫ થી ૫૬ |
| ❑ શ્રી આચાર્યપદની સજ્ઝાય | ૫૬ થી ૫૭ |
| ❑ શ્રી ઉપાધ્યાયપદની સજ્ઝાય | ૫૭ થી ૫૮ |
| ❑ શ્રી સાધુપદની સજ્ઝાય | ૫૮ થી ૬૨ |
| ❑ શ્રી નવપદજીની સજ્ઝાયો | ૬૨ થી ૬૪ |
| | |
| | |

# શ્રી સિદ્ધચક્ર-નવપદજીના ચૈત્યવંદનાદિ સંગ્રહ

## ચૈત્યવંદનો

### (૧)

સકળ મંગળ પરમ કમળા-કેલી મંજુલ મંદિરં;
ભવકોટિસંચિત પાપનાશન, નમો નવપદ જયકરં, ૧
અરિહંત સિદ્ધ સૂરીશ વાચક, સાધુ દરશન સુખકરં;
વર જ્ઞાન પદ ચારિત્ર તપ એ; નમો નવપદ જયકરં. ૨
શ્રીપાળ રાજા શરીર સાજા, સેવતાં નવપદ વરં;
જગમાંહી ગાજા કીર્તિ ભાજા, નમો નવપદ જયકરં. ૩
શ્રી સિદ્ધચક્ર પસાય સંકટ, આપદા નાશે સવે;
વળી વિસ્તરે સુખ મનોવાંછિત, નમો નવપદ જયકરં. ૪
આયંબિલ નવદિન દેવવંદન, ત્રણ ટંક નિરંતરં;
બે વાર પડિક્કમણ પડિલેહણ, નમો નવપદ જયકરં. ૫
ત્રણ કાળ ભાવે પૂજીએ, ભવતારક તીર્થંકરં;
તિમ ગણણું દોય હજાર ગણીએ, નમો નવપદ જયકરં. ૬
ઈમ વિધિ સહિત મન વચન કાયા, વશ કરી આરાધીએ;
તપ વર્ષ સાડા ચાર નવપદ, શુદ્ધ સાધન સાધીએ. ૭
ગદ કષ્ટ ચૂરે, શર્મ પૂરે, યક્ષ વિમલેશ્વર વરં;
શ્રી સિદ્ધચક્ર પ્રતાપ જાણી, વિજય વિલસે સુખકરં. ૮

### (૨)

શ્રી સિદ્ધચક્ર આરાધીએ, આસૌ ચૈતર માસ;
નવદિન નવ આંબિલ કરી, કીજે ઓળી ખાસ. ૧
કેશર ચંદન ઘસી ઘણાં કસ્તૂરી બરાસ;
જુગતે જિનવર પૂજિયા, મયણાં ને શ્રીપાળ. ૨

પૂજા અષ્ટ પ્રકારની, દેવવંદન ત્રણ કાળ;
મંત્ર જપો ત્રણ કાળ ને, ગુણણું તેર હજાર. ૩
કષ્ટ ટળ્યું ઉંબરતણું, જપતા નવપદ ધ્યાન;
શ્રી શ્રીપાળ નરિંદ થયા, વાધ્યો બમણો વાન. ૪
સાતસો કોઢી સુખ લહ્યા, પામ્યા નિજ આવાસ;
પુણ્યે મુક્તિવધૂ વર્યા, પામ્યા લીલ વિલાસ. ૫

## (૩)

શ્રી સિદ્ધચક્ર મહામંત્રરાજ, પૂજા પરસિદ્ધ;
જાસ નમનથી સંપજે, સંપૂર્ણ સિદ્ધ. ૧
અરિહંતાદિક નવપદ, નિત્ય નવનિધિ દાતા;
એ સંસાર અસાર સાર હોએ પાર વિખ્યાતા. ૨
અમલાચલ પદ સંપજે, પૂરે મનના કોડ;
મોહન કહે વિધિયુત કરો, જિમ હોય ભવનો છોડ. ૩

## (૪)

બાર ગુણ અરિહંતના તેમ સિદ્ધના આઠ;
છત્રીશ ગુણ આચાર્યના, જ્ઞાનતણા ભંડાર. ૧
પચીસ ગુણ ઉપાધ્યાયના, સાધુ સત્તાવીશ;
શ્યામવર્ણ તનુ શોભતા, જિનશાસનના ઈશ. ૨
જ્ઞાન નમું એકાવને, દર્શનના સડસઠ;
સીત્તેર ગુણ ચારિત્રના, તપના બાર તે જિટ્ઠ. ૩
એમ નવપદ યુક્તે કરી, ત્રણ શતઅષ્ટ (૩૦૮) ગુણ થાય;
જે પૂજે ભવી ભાવશું, તેહનાં પાતિક જાય. ૪
પુજ્યા મયણાસુંદરી, તેમ નરપતિ શ્રીપાળ;
પુણ્યે મુક્તિસુખ લહ્યા, વરત્યા મંગળમાળ. ૫

## (૫)

પહેલે દિન અરિહંતનું નિત્ય કીજે ધ્યાન;
બીજે પદ વળી સિદ્ધનાં; કીજે ગુણગાન. ૧
આચારજ ત્રીજે પદે, જપતાં જય જયકાર;
ચોથે પદે ઉપાધ્યાયના, ગુણ ગાવો ઉદાર. ૨
સકલ સાધુ વંદો સહી, અઢીદ્વીપમાં જેહ;
પંચમ પદ આદર કરી, જપજો ધરી સસ્નેહ. ૩
છટ્ઠે પદ દર્શન નમો, દરિસણ અજુઆલો;
નમો નાણપદ સાતમે, જિમ પાપ પખાલો. ૪
આઠમે પદ આદર કરી, ચારિત્ર સુચંગ;
પદ નવમે બહુ તપતણો, ફળ લીજે અભંગ. ૫
એણી પરે નવપદ ભાવશું એ, જપતાં નવ નવ કોડ;
પંડિત શાંતિવિજય તણો, શિષ્ય કહે કરજોડ. ૬

## (૬)

જો ધુરિ સિરિ અરિહંત મૂલ, દઢ પીઠ પઈટ્ઠિઓ;
સિદ્ધ સૂરિ ઉવજ્ઝાય સાહૂ ચિહું સાહ ગરિટ્ઠિઓ. ૧
દંસણ નાણ ચરણ તવ હિ, પડિસાહા, સુંદરૂ;
તત્તક્ખર સરવગ્ગ લદ્ધિ, ગુરૂ પયદલ દુંબરૂ. ૨
દિસિપાલ જક્ખ જક્ખિણી પમુહ, સુર કુસુમેહિ અલંકિઓ.
સો સિદ્ધચક્ક ગુરૂ કપ્પતરુ, અમ્હ મનવંછિત ફલદીઓ. ૩

## (૭)

સિદ્ધચક્ર આરાધતાં, ભવસાયર તરીએ;
ભવઅટવીથી ઉતરી, શિવવધૂને વરીયે. ૧

અરિહંતપદ આરાધતાં, તીર્થંકરસ્પદ પાવે;
જગ ઉપકાર કરે ઘણો, સીધા શિવપુર જાવે. ૨
સિદ્ધપદ ધ્યાતાથકાં, અખય અચલપદ પાવે;
કર્મકટક ભેદી કરી, અકલ અરૂપી થાવે. ૩
આચારજ પદ ધ્યાવતાં, જુગુપ્રધાન પદ પાવે;
જિનશાસન અજવાલીને, શિવપુરનગર શોભાવે. ૪
પાઠકપદને ધ્યાવતાં, વાચક પદ પાવે;
ભણે ભણાવે ભાવશું, સુરપુર શિવપુર જાવે. ૫
સાધુપદ આરાધતાં, સાધુ પદ પામે;
તપ જપ સંયમ આદરે, શિવસુંદરીને કામે. ૬
દરસણ નાણ પદ ધ્યાવતાં, દર્શન નાણ અજુઆલે;
ચારિત્ર તપ પદ ધ્યાવતાં, શિવમંદિરમાં મ્હાલે. ૭
કેસર કસ્તુરી કેતકી, મચકુંદ માલતીમાલે;
સિદ્ધચક્ર સેવ્યા ત્રિકાળ, જેમ મયણા ને શ્રીપાલે. ૮
નવ આંબિલ નવવારશુ, શિયલ સમક્તિ પાલો;
શ્રી રૂપવિજય કવિરાયનો, માણેક કહે થઈ ઉજમાલો. ૯

## (૮)

પહેલે પદ અરિહંતના, ગુણ ગાઉં નિત્યે;
બીજે સિદ્ધતણાં ઘણાં, સમરો એક ચિત્તે. ૧
આચારજ ત્રીજે પદે, પ્રણમો બહુ કરજોડી;
નમીએ શ્રી ઉવજ્ઝાયને, ચોથે મનમોડી. ૨
પંચમપદ સર્વ સાધુનું, નમતાં ન આણો લાજ;
એ પરમેષ્ટિ પંચને, ધ્યાને અવિચલ રાજ. ૩

દંસણ શંકાદિક રહિત, પદ છટ્ઠે ધારો,
સર્વનાણ પદ સાતમે, ક્ષણ એક ન વિસારો. ૪
ચારિત્ર ચોકખું ચિત્તથી પદ અષ્ટમ જપીયે;
સકલ ભેદે કહ્યું દાનમૂલ, તપ નવમે તપીયે. ૫
એ સિદ્ધચક્ર આરાધતાં, પૂરે વાંછિત કોડ;
સુમતિવિજય કવિરાયનો, રામ કહે કરજોડ ૬

## (૯)

અરિહંત નમો ભગવંત નમો પરમેશ્વર જીનરાજ નમો.
પ્રથમ જીનેશ્વર પ્રેમે પ્રેખત સિધ્યાં સઘલા કાજ નમો ૧
પ્રભુ પારંગત પરમ મહોદય અવિનાશી અકલંક નમો
અજર અમર અદ્‌ભૂત અતિશય નિધિ પ્રવચનજલધિ મયંક નમો ર
તિહઅણ ભવિયણ જન મન વંછિત પૂરણદેવ રસાલ નમો
લળી લળી પાય નમું હું ભાવે કરજોડી ત્રિકાલ નમો ૩
સિદ્ધ બુદ્ધ તું જગજન સજ્જન નયના નંદન દેવ નમો
તું તીર્થંકર સુખકર સાહિબ તું નિષ્કારણ બંધુ નમો ૪
શરણાગત ભવિને હિતવત્સલ તુંહી કૃપારસ સિંધુ નમો
કેવલજ્ઞાનાદર્શે દર્શિત લોકાલોક સ્વભાવ નમો. ૫
નાશિત સકલ કલંક કલુષગણ દુરિત ઉપદ્રવ ભાવ નમો
ઘોર અપાર ભવોદધિ તારણ તું શિવપુરનો સાથ નમો ૬
**અશરણ શરણ નિરાગ નિરંજન, નિરૂપાધિક જગદીશ નમો**
**બોધિ દીયો અનુપમ દાનેશ્વર જ્ઞાન વિમલ સૂરીશ નમો. ૭**

## (૧૦)

અરિહંત દેવા ચરણોની સેવા, પંદર ભેદ સિદ્ધ પ્રણમેવા;
આયરિય ઉવજ્ઝાય સર્વ સાધુના નામ,
એ પંચ જોગે કરૂં પ્રણામ (૧)
અતીત અનાગતને વર્તમાન, સંપ્રતિ કાલે વીશ વિહરમાન;
ઉત્કૃષ્ટ કાલે એકસો સિત્તેર જિનનાં નામ,
એ પંચ જોગે કરું પ્રણામ. (૨)
બાર દેવલોકને નવ ગ્રૈવયેકે, પાંચ અનુત્તર પાતાલ જોગે;
તિર્ચ્છાલોકે થઈ જે જિનનાં નામ,
એ પંચ જોગે કરું પ્રણામ. (૩)
શાશ્વતા ભુવન સોનામય કહિયે, શાશ્વતી પ્રતિમા સોનામય લહિયે;
શાશ્વતા અશાશ્વતા અભિરામ,
એ પંચ જોગે કરૂં પ્રણામ. (૪)
દીઠા ન દીઠા શ્રવણે ન સુણ્યા, ભેટ્યા ન ભેટ્યા ભાવે જ ભણીયા
જ્ઞાન વિમલ પ્રભુ સમરથ દેવા,
મને આપજો ભવ ભવ સ્વામી સેવા (૫)

## (૧૧)
## શ્રી સિદ્ધચક્ર (સ્તુતિ) ચૈત્યવંદન
### (ઉપજાતિ વૃત્તમ)

ઉપ્પન્ન સન્નાણ મહો મયાણં, સપ્પાડિહેરાસણ સંઠિયાણં;
સદ્દેસણાણંદિય સજ્જણાણું, નમો નમો હોઉ સયા જીણાણં. ૧
સિદ્ધાણમાણં દરમાલયાણં, નમો નમો ણંત ચઉક્કયાણં;
સુરીણ દૂરીક્ય કુગ્ગહાણં, નમો નમો સૂર સમપ્પહાણં. ૨

સુતથ્થ વિથ્થારણ તપ્પરાણં, નમો નમો વાયગ કુંજરાણં;
સાહૂણ સંસાહિઅ સંજમાણું, નમો નમો સુદ્ધ દયા દયાણં. ૩
જીણુત્તત્તને રૂઈલખ્ખણસ્સ, નમો નમો નિમ્મલ દંસણસ્સ;
અન્નાણ સંમોહ તમો હરસ્સ, નમો નમો નાણ દિવાયરસ્સ. ૪
આરાહિય, ખંડિય સક્કિયસ્સ, નમો નમો સંજય વિરીયસ્સ;
કુમ્મ દુમોમ્મુલણ કુંજરસ્સ, નમો નમો તિવ્વ તવો ભરસ્સ. ૫
ઈય નવપય સિદ્ધં, લદ્ધિ વિજ્જાસમિદ્ધં,
પયડીય સુરવગ્ગં, હ્રીતિરેહા સમગ્ગં;
દિસિવઈ સુરસારં, ખોણી પીઠાવયારં,
તિજય વિજય ચક્કં, સિદ્ધ ચક્કં નમામિ. ૬

## શ્રી સિદ્ધચક્ર - નવપદજીની થોયો
## (૧)

જિનશાસન વંછિત, પૂરણદેવ રસાલ,
ભાવે ભવિ ભણીયે, સિદ્ધચક્ર ગુણમાલ;
ત્રિહું કાલે એહની, પૂજા કરે ઉજમાલ,
તે અજર અમર પદ, સુખ પામે સુવિશાલ. ૧
અરિહંત સિદ્ધ વંદો, આચારજ ઉવજ્ઝાય,
મુનિ દરિસણ નાણ, ચરણ તપ એ સમુદાય;
એ નવપદ સમુદિત, સિદ્ધચક્ર સુખદાય,
એ ધ્યાને ભવિનાં, ભવ કોટિ દુઃખ જાય. ૨
આસૌ ચૈતરમાં, સુદિ સાતમથી સાર,
પૂનમ લગે કીજે, નવ આંબિલ નિરધાર;
દોય સહસ ગણણું, પદ સમ સાડાચાર,
એકાશી આયંબિલ, તપ આગમ અનુસાર. ૩

સિદ્ધચક્રનો સેવક, શ્રી વિમલેશ્વર દેવ,
શ્રીપાલતણી પરે, સુખ પૂરે સ્વયમેવ;
દુ:ખ દોહગ નાવે, જે કરે એહની સેવ,
શ્રી સુમતિ સુગુરૂનો, રામ કહે નિત્યમેવ. ૪

## (૨)

અરિહંત નમો વળી સિદ્ધ નમો, આચારજ વાચક સાહુ નમો;
દર્શન જ્ઞાન ચારિત્ર નમો, તપ એ સિદ્ધચક્ર સદા પ્રણમો. ૧
અરિહંત અનંત થયા થાશે, વલી ભાવ નિક્ષેપે ગુણ ગાશે;
પડિક્કમણાં દેવવંદન વિધિશું, આંબિલ તપ ગુણણું ગણવું વિધિશું. ૨
છહરી પાળી જે તપ કરશે, શ્રીપાળ તણી પરે ભવ તરશે;
સિદ્ધચક્રને કુણ આવે તોલે, એહવા જિન આગમ ગુણ બોલે. ૩
સાડાચાર વરસે તપ પૂરો; એ કર્મવિદારણ તપ શૂરો;
સિદ્ધચક્રને મનમંદિર થાપો, નયવિમલેસર વર આપો. ૪

## (૩)

પ્રહ ઉઠી વંદુ, સિદ્ધચક્ર સદાય,
જપીએ નવપદનો, જાપ સદા સુખદાય;
વિધિપૂર્વક એ તપ, જે કરે થઈ ઉજમાલ,
તે સવિ સુખ પામે, જિમ મયણા શ્રીપાલ. ૧
માલવપતિપુત્રી, મયણા અતિ ગુણવંત,
તસ કર્મસંયોગે, કોઢી મળીયો કંત;
ગુરુવયણે તેણે, આરાધ્યો તપ એહ,
સુખસંપદ વરિયા, તરિયા ભવજલ તેહ. ૨
આંબિલ ને ઉપવાસ, છટ્ઠ વળી અટ્ઠમ,
દશ અટ્ઠાઈ પંદર, માસ છ માસી વિશેષ;

ઇત્યાદિક તપ બહુ, સહુમાંહિ શિરદાર,
જે ભવિયણ કરશે તે તરશે સંસાર. ૩
તપ સાંનિધ્ય કરશે, શ્રી વિમલેશ્વર યક્ષ,
સહુ સંઘના સંકટ, ચૂરે થઈ પ્રત્યક્ષ;
પુંડરીક ગણધાર, કનકવિજય બુધ શિષ્ય.
બુધ દર્શનવિજય કહે, પહોંચે સકલ જગીશ. ૪

## (૪)

વીર જિનેશ્વર અતિ અલવેસર, ગૌતમ ગુણના દરિયાજી,
એક દિન આણા વીરની લઈને, રાજગૃહી સંચરીયાજી;
શ્રેણિક રાજા વંદન આવ્યા, ઉલટ મનમાં આણીજી,
પર્ષદા આગલ બાર બિરાજે, હવે સુણો ભવી પ્રાણીજી. ૧
માનવ ભવ તુમે પુન્યે પામ્યા, શ્રી સિદ્ધચક્ર આરાધોજી,
અરિહંત સિદ્ધ સૂરિ ઉવજ્ઝાયા, સાધુ દેખી ગુણ વાધોજી;
દરિસણ નાણ ચારિત્ર તપ કીજે, નવપદ ધ્યાન ધરીજેજી,
ધુર આસોથી કરવા આંબિલ, સુખ સંપદા પામીજેજી. ૨
શ્રેણિકરાય ગૌતમને પૂછે, સ્વામિ ! એ તપ કોણે કીધોજી
નવ આંબિલ તપ વિધિશું કરતાં, વંછિત સુખ કોણે લીધોજી,
મધુરી ધ્વનિયે બોલ્યા શ્રી ગૌતમ, સાંભળો શ્રેણિકરાય વયણાજી,
રોગ ગયો ને સંપદા પામ્યા, શ્રી શ્રીપાળ ને મયણાજી. ૩
રૂમઝુમ કરતી પાયે નેઉર, દીસે દેવી રૂપાળીજી,
નામ ચક્કેસરી ને સિદ્ધાઈ, આદિજિન વીર રખવાળીજી;
વિઘ્ન કોડ હરે સહુ સંઘનાં, જે સેવે એના પાયજી,
ભાણવિજય કવિ સેવક નય કહે, સાંનિધ્ય કરજો માયજી. ૪

## (૫)

સિદ્ધચક્ર સેવો સુવિચાર, આણી હૈડે હર્ષ અપાર
જેમ લહો સુખ શ્રીકાર;
મન શુદ્ધે નવ ઓળી કીજે, અહોનિશ નવપદ ધ્યાન ધરીજે;
જિનવર પૂજા કીજે;
પડિક્કમણાં દોય ટંકના કીજે, આઠે થોયે દેવ વાંદીજે,
ભૂમિ સંથારો કીજે,
મૃષા તણો કીજે પરિહાર, અંગે શીલ ધરીજે સાર,
દીજે દાન અપાર. ૧
અરિહંત સિદ્ધ આચાર્ય નમીજે વાચક સર્વ સાધુ વંદીજે,
દર્શન જ્ઞાન થુણીજે,
ચારિત્ર તપનું ધ્યાન ધરીજે, અહોનિશ નવપદ ગુણણું ગણીજે,
નવ અંબિલ પણ કીજે;
નિશ્ચય રાખીને મન ઈશ, જપો પદ એક એકને ઈશ,
નવકારવાળી વીશ;
છેલ્લે આયંબિલે પણ કીજે, સત્તરભેદી જિનપૂજા રચીજે,
માનવભવ ફળ લીજે. ૨
સાતસે કુષ્ટિના એ રોગ, નાઠા ન્હવણ તણે સંયોગ.
દૂર હુઆ કર્મના ભોગ;
કુષ્ઠ અઢારે દૂર જાય, દુઃખ દારિદ્ર સવિ દૂર પલાય,
મનવાંછિત ફલ થાય;
નિર્ધનીયાને દીએ બહુ ધન, અપુત્રીયાને પુત્ર રતન,
જે સેવે શુદ્ધ મન;
નવકાર સમો નહિ કોઈ મંત્ર, સિદ્ધચક્ર સમો નહિ કોઈ યંત્ર,
સેવો ભવિ હરખંત. ૩

જિમ સેવ્યા મયણા શ્રીપાલ, ઉંબર રોગ ગયો તત્કાલ,
પામ્યા મંગળમાળ,
શ્રીપાલતણી પરે જે આરાધે, તસ ઘેર દિન દિન દોલતવાધે,
અંતે શિવસુખ સાધે;
વિમલેશ્વર જક્ષ સેવા સારે, આપદા કષ્ટ સવિ દૂર નિવારે,
દોલત લક્ષ્મી વધારે,
મેઘવિજય કવિરાયનો શિષ્ય, હઈડે ભાવ ધરી જગીશ,
વિનયવિજય નિશદિશ. ૪

## (૬)

સિદ્ધચક્ર સેવો ભવિ લોગા, ધણ કણ કંચન કેરા યોગા,
મનવાંછિત હુવે ભોગા;
દુષ્ટ કુષ્ટ જાવે સવિ રોગા, જાવે મનથી સઘળા સોગા,
સીઝે સયલ સંયોગા;
રાય રાણા માને દરબાર, ધન ધન સકલ જંપે સંસાર,
સોહે બહુ પરિવાર;
નવપદ મહિમા મોટો કહિયે, એહને ધ્યાને અહોનિશ રહિયે
શિવ સંપત્તિ લહીએ. ૧
મધ્ય દલે જિનવર ચોવીસ, હુવા હોશ્યે છે જગદીશ,
વાણી ગુણ પાંત્રીશ,
અતિશય સોહે જસ ચોત્રીસ, માયા મન નહિ જસ રીસ,
સોહે સબલ જગીશ,
કંચન વાને સોળ બિરાજે, દોય રાતા દોય ધોળા છાજે,
શામળ દોય નિવાજે,
દોય નીલા ઈમ સવિ જિનરાજ, નિર્મલ ધ્યાને શોભે આજ,
શ્રી સિદ્ધચક્ર સુખકાજ ૨

દોષ અઢાર રહિત ભગવંત, આઠ ભેદે સિદ્ધ મહંત,
જે આચાર્ય ગુણવંત.
પંચવીશ ગુણેથી ઉવજઝાયા, સત્યાવીસ ગુણે મુનિરાયા,
સમક્તિ છટ્ઠે સુહાયા;
નાણ ચરણ તપ નેહે ધ્યાવો, આસો ચૈત્રીશું ઓળી ઠાવો,
નવદિન પાવન થાવો,
આગમ ભાખી એ જિનવાણી, સુણી આરાહો સિદ્ધચક્ર પ્રાણી,
એ નિર્મલ સુખખાણી. ૩
સિદ્ધચક્રની જે રખવાલી, ચક્કેસરી દેવી મતવાલી,
પગે નેઉર વાચાલી,
કટિમેખલ ખલકે કટિદેશ, મંદ મંથર ચાલે શુભ વેષ,
સોહે અતિ સુવિશેષ;
હૃદય હાર, કર કંકણ છાજે, મુખથી ચંદો ગયણે ભાજે,
શોભા સઘળી છાજે;
શ્રી વિજયપ્રભસૂરિ, કુશલસાગર વાચક સુખદાય,
શિષ્ય ઉત્તમ ગુણ ગાય. ૪

(૭)

સિદ્ધચક્ર યંત્રેશ્વર સારો, મંત્ર શિરોમણિ જગદાધારો.
પ્રત્યક્ષ ચમકારો;
અનુપમાએ અતિશયવંતો ગુણસમુદ્રને કોણ લહે અંતો,
ત્રિભુવન મહિમાવંતો;
મનની આધિ તનની વ્યાધિ, દૂર કરે ભવની ઉપાધિ,
પામે વાંછિત સાધી,
શાંત દશા ને એકાગ્રચિત્તે, સકલ કાર્ય કરે શુભ રીતે,
પાપ કર્મને જીતે. ૧

દેવતત્ત્વમાં દોય પ્રસિદ્ધા, બાર ગુણો ને આઠ સમૃદ્ધા,
અરિહંતને પ્રભુ સિદ્ધા,
સૂરિ પાઠકને જે જગ સાધુ અઢી દ્વીપમાં વળી આરાધું,
એ ત્રણ ઈષ્ટ ગુરુ સાધુ;
છત્રીશ પચીશ ને સત્તાવીશી, સર્વોત્તમ ધર્મી ગુણમણિશી,
પ્રણમો પરમેષ્ઠી અધીશી,
દર્શન સડસઠ જ્ઞાન એકાવન, ચારિત્ર સીત્તેર પચાસ પાવન,
તપગુણ ચઉધર્મ સ્થાન. ૨
શ્રી જૈનધર્મનું શાસન સાર, મુનિચંદ્રસુરિ શ્રુતોદધિ પાર,
ત્રિભુવન જન હિતકાર,
ચઉદ પૂરવમાં નવપદ ધાર, શ્રીપાલ મયણા માટે ઉદ્ધાર,
આરાધક જયકાર,
આસો ચૈત્ર સુદી સાતમથી, પુનમ લગે આંબિલ તપથી,
રહો શુદ્ધ જાપના જપથી,
સ્નાત્રપૂજા ને અષ્ટપ્રકારી, દિન દિન ભાવના ચઢતે અપારી,
જસ મહિમા અપરંપારી. ૩
પ્રતિક્રમણ કરી શુદ્ધ ભાવે, દોય ટંક પડિલેહણ થાવે,
ત્રિકાલ દેવ વંદાવે,
ગુણ પ્રમાણે ખમાસમણાં દેવો, સ્વસ્તિક ફલ નૈવેદ્યને ઢોવો,
નિત નિત પ્રભુ મુખ જોવો;
એકેક પદની વીસ જપમાલા, ગુરુગમ વિધિયે વિશાલા,
પર્વોમાં શાશ્વત વ્હાલા,
શ્રી વિમલેશ્વર સાનિધ્યકારી, ચક્કેસરીમાં વિઘ્ન વિદારી,
આત્મશક્તિ જયકારી. ૪

## (૮)

વીર જિનેશ્વર અતિઅલવેસર, ગૌતમ ગુણે ભરીયા જી,
ભવિક જીવના ભાવ ધરીને, રાજગૃહિ સમોસરીયા જી;
શ્રેણિકરાજા વંદન આવ્યા, ગૌતમ નયણે નિહાલ્યાજી,
ત્રણ પ્રદક્ષિણા દેઈ કરીને, અભિગમ પાંચે પાલ્યાજી. ૧
સજલ જલદ જેણી પરે ગાજે, ગોયમ મેહને સાદે જી,
દશ દૃષ્ટાન્તે દુર્લભ માનવભવ, કાં હારો પરમાદે જી;
નવપદ ધ્યાન ધરીને હીયડે, શ્રી સિદ્ધચક્ર આરાધોજી,
પહેલે અરિહંત સિદ્ધ ગણો બીજે, આચારજ ગુણવંદોજી. ૨
ઉપાધ્યાય ચોથે વંદો પાંચમે, સાધુ દેખી દુઃખ છંડોજી,
છઠ્ઠે દંસણ નાણ ગણો સાતમે, આઠમે ચરિત્ર મતિ નંદોજી;
નવમે તપ કરણી આરાધો, સુણો શ્રેણિક અમ વાયણાજી,
રોગ ગયોને રાજઋદ્ધિ પામ્યા, શ્રી શ્રીપાલને મયણાજી ૩
આસો ચૈત્ર નવ આંબીલ, નવ ઓળી ઈમ કીજે જી,
ગૌતમ કહે ઉજમણું શ્રેણિક ! દાન સુપાત્રે દીજે જી;
નરનારી એક ચિત્તે આરાધે વિમલેસર દુઃખ ચૂરે જી,
રતનવિબુધ શિશ રંગવિજયની નિત નિત આશા પૂરેજી ૪

## (૯)

ત્રિગડે બેઠા ત્રિભુવન નાયક, વીર વદે એમ વાણીજી,
શ્રી શ્રીપાલતણી પરે સેવો, સિદ્ધચક્ર ગુણ ખાણીજી;
અરિહંત આદિ સિદ્ધ આચારજ, ઉવજ્ઝાય ઉલટ આણીજી,
સાહુ દંસણ નાણ ચારિત્ર તપ, ઈતિ નવપદ જાણીજી. ૧

આસો ચૈદ શુદ સાતમથી, નવ આયંબિલ પચ્ચખ્ખીએજી,
પડિક્કમણા દોય ત્રિકાલ પૂજી, દેવવન્દન ત્રણ કીજેજી,
પદ એકેકું પ્રતિદિન મન શુદ્ધે, તેર હજાર ગુણીજેજી,
ચોવીશ જિનની સેવા કરીને, નરભવ લાહો લીજેજી. ૨
નવદિનની નવ ઓલી કરતાં, આયંબિલ એક્યાશી થાયજી,
સાડાચાર વરસે ઉજમણું કરીને, તેહને સવી સુખ દાઈજી.
શ્રી સિદ્ધચક્રના ન્હવણજલથી, કોઢ અઢાર પલાયજી,
સકલ શાસ્ત્ર શિરમુકુટ નગીનો, અંગે સુણો ચિત્ત લાઈજી. ૩
માતંગ યક્ષ પ્રભુ પદ સેવે, ઉલટ આણી અંગેજી,
શ્રી સિદ્ધચક્રની ઓલી કરતા, વિઘ્ન હરે મન રંગેજી.
હંસવિજય ગુરુ પંડિત પુંગવ ચરણ સરોરૂહ ભંગજી,
ધીરવિમલ બુધ મંગલમાલા સુખ સંપત્તિ લહે અંગ્રેજી. ૪

## (૧૦)

વીર જિનેસર ભુવનદિણેસર, જગદીસર જયકારીજી,
શ્રેણીક નરપતિ આગલ જંપે, સિદ્ધચક્ર તપ સારીજી;
સમક્તિદૃષ્ટિ ત્રિકરણ, શુદ્ધે, જે ભવિયણ આરાધેજી,
શ્રી શ્રીપાલનરિંદ પરે તસ, મંગલ માલા વાધેજી. ૧
અરિહંત વચ્ચે સિદ્ધ સૂરિ પાઠક, સાહુ ચિહું દિશી સોહેજી,
દંસણ નાણ ચરણ તપ વિદિશે, એહ નવપદ મન મોહેજી;
આઠ પાંખડી હૃદ્યાંબુજ રોપી, લોપી રાગને રીસ જી,
ૐ હ્રીં પદ એક એકની ગણીયે, નવકારવાલી વીશ જી, ૨
આસો ચૈત્ર શુદિ સાતમથી, માંડી શુભ મંડાણજી,
નવ નિધિદાયક નવ નવ આયંબિલ, એમ એકાશી પ્રમાણ જી,

દેવ વંદન પડિક્કમણું પૂજા, સ્નાત્ર મહોત્સવ, ચંગ જી,
એહ વિધિ સઘલો જિહાં ઉપદિશ્યો પ્રણમું અંગ ઉપાંગ જી ૩
તપ પૂરે ઉજમણું કીજે, લીજે નર ભવ લાહોજી,
જિનગૃહ પડિમા સાહમ્મિવત્સલ, સાધુભક્તિ ઉત્સાહો જી;
વિમલેસર ચક્કેશ્વરીદેવી, સાનિધ્યકારી રાજે જી,
શ્રી ગુરુ ખીમાવિજય સુપસાયે, મુનિજિન મહિમા છાજે જી ૪

## (૧૧)

અંગદેશ ચંપાપુરીવાસી, મયણા ને શ્રીપાળ સુખાશી,
સમક્તિ શું મનવાસીઃ
આદિ જિનેશ્વરની ઉલ્લાસી, ભાવે પૂજા કીધી મન આસી,
ભાવ ધરી વિશ્વાસી,
ગલિત કોઢ ગયો તેણે નાશી, સુવિધિશું સિદ્ધચક્ર ઉપાસી,
થયા સ્વર્ગના વાસી,
આસો ચૈત્ર પૂરણ માસી,પ્રેમે પૂજા ભક્તિ વિકાસી,
આદિ પુરૂષ અવિનાશી. (૧)
કેસર ચંદન મૃગમદ ઘોળી, હરખીશું ભરી હેમ કચોળી,
શુદ્ધ જળે અંઘોળી,
નવ આંબિલની કીજે ઓળી, આસો શુદિ સાતમથી ખોલી,
પૂજો શ્રી જિન ટોળી,
ચઉગતિ માંહે આપદા ચોળી, દુર્ગતિનાં દુઃખ દૂરે ઢોળી,
કર્મ નિકાચિત રોળી;
કર્મ કપાય તણા મદ રોળી,જેમ શિવ રમણી ભમર ભોળી,
પામ્યા સુખની ઓળી (૨)

**આસો સુદ સાતમશું વિચારી, ચૈત્રી પણ ચિત્તશું નિરધારી,**
**નવ આંબિલની સારી;**
**ઓળી કીજે આળસવારી,** પ્રતિક્રમણ બે કીજે ધારી,
સિદ્ધચક્ર પૂજો સુખાકારી;
શ્રી જિનભાષિત પરઉપકારી, નવદિન જાપ જપો નરનારી,
જેમ લહીએ મોક્ષની બારી,
નવપદ મહિમા અતિ મનોહારી, જિન આગમ ભાખે ચમત્કારી,
જાઉં તેહની બલિહારી (૩)
શ્યામ ભ્રમર સમવીણા કાળી; અતિ સોહે સુંદર સુકુમાળી,
જાણે રાજ મરાળી જલ હલ ચક્ર ધરે રૂપાળી,
શ્રી જિનશાસન રખવાળી, ચક્કેશ્વરી મેં ભાળી;
જે એ ઓળી કરે ઉજમાળી તેના વિઘ્ન હરે સા બાળી,
સેવક જન સંભાળી, ઉદયરત્ન કહે આસનવાળી
જે જિન નામ જપે જપ માળી, તે ઘેર નિત્ય દીવાળી. (૪)

## (૧૨)

વિપુલ કુશલમાલા, કેલિગેહં વિશાલા;
સમવિભવ નિધાનં, શુધ્ધ મંત્ર પ્રધાનં ।
સુરનરપતિ સેવ્યં, દિવ્ય માહાત્મ્ય ભવ્યં,
નિહત દુરિત ચક્રં, સંસ્તુવે સિધ્ધચક્રમ્....૧

દમિત કરણ વાહં, ભાવતોય કૃતાહં;
કૃત નિકૃતિ વિનાશં, પૂરિતાંગિ વ્રજાશમ્ ।
નમિત જિન સમાજં, સિદ્ધિચક્રાદિ બીજુ ;
ભજતિ સગુણ રાજી, સોઽનિશં સૌખ્યરાજી...૨

વિવિધ સુકૃત શાખો, ભંગ પત્રૌઘશાલી,
નયકુસુમ મનોજ્ઞઃ પ્રૌઢ સંપત્ ફલાઢ્યં ।
હરતુ વિનુવતાં, શ્રી સિધ્ધચક્રં જનાનાં,
તરૂરિવ ભવતાપા-નાગમઃ શ્રી જિનનામ્....૩

જિનપતિ પદ સેવા, સાવધાના ધુનાના ;
દુરિત રિપુ કદમ્બં, કાન્ત કાન્તિ દધાના ।
દદતુ તપસિ પુંસા, સિધ્ધચક્રસ્ય નવ્યં ;
પ્રમદમિહ રતાનાં, રોહિણી મુખ્ય દેવ્ય :....૪

## (૧૩)

અર્હન્ મુલં પ્રકાંડો તનુ નિકરધર સુરિરાજશ્ચ શાખા,
ગુલ્મ સદ્ વાચકેશો, દલતતિ પરિધી, સાધવો મંજરી ચિત્,
પુષ્પૌધો દર્શનં ચા, ત્મિમત પરિમલ શ્ચારુ ચારિત્ર રૂપ,
શસ્તં શસ્યં તપશ્ચામરતરૂરિવઃ સિધ્ધચક્ર પુનાતુ.....૧

આંમા સિધ્ધા મુનિદ્રા, પ્રવર મુનિવરા વાચકા સાધવશ્ચ,
શ્વેતા, રક્તા શ્ચ પિતા, બુધ સમહરિતા, કજ્જલાભા જિનેશા,
ચંચત્ પુષ્પાગ્રપત્રચ્છવિ કનકરજ, પર્ણરો લંબધારા,
ગીર્વાણા ગા ઈવેષ્ટં, સકલ મતિમતાં, પાવનં સંદિશન્તુ....૨

સા વાણી ગૂહનેત્રા દ્વિધન પરિમિતા, કર્મનિર્મુલકાનાં
આચાર્યાણાં રસત્રિ ર્નવનવ મુનયો વાચકાના મુનીનાં,
વિશત્યા સપ્ત યુક્તા મુનિકૃતિ સહિતા, નેત્ર સંખ્યાચતૂર્ણા,
ષષ્ટેરાબ્ધિ સ્વશક્તિ ગગન શરમિતા, સદ્ગુણૌઘા જયંતિ....૩

દેવેન્દ્રા અષ્ટવર્ગા ગ્રહગણ સહિતા, ગૌમુખાદ્યા પરેપિ,
ચક્રેશ્વર્યાદિ દેવ્યાપિ ચ કુશલકરા, સિદ્ધચક્રસ્ય ભક્તા
શ્રી શ્રીપાલા દિકાનામિવ સુષમભૃતાં પ્રાણીના ભક્તિભાજાં,
શં સ્વર્વૃક્ષ દિશન્તુ પ્રશમ સુખ ફલં, મુક્તિ સૌભાગ્ય બીજમ્.....૪

## શ્રી સિદ્ધચક્ર-નવપદજીનાં સ્તવનો

## (૧)

## ચાર ઢાળનું સ્તવન

### ઢાળ ૧લી

જીહો પ્રણમું દિન પ્રત્યે જિનપતિ લાલા, શિવસુખકારી અશેષ,
જીહો આસો ચૈત્રી ભણી રે લાલા, અઠાઈ સુવિશેષ,
**ભવિકજન જિનવર જગ જયકાર,**
જિહાં નવપદ આધાર...ભવિકજન...જિનવર
જીહો તેહ દિવસ આરાધવા રે લાલા, સુરનંદિસર જાય;
જીહો જીવાભિગમ માંહે કહ્યું રે લાલા, અડદિન મોહમાય. ભ૦ ર
જીહો નવપદ કેરા યંત્રની રે લાલા, પૂજા કીજે રે જાસ;
જીહો રોગ શોક સવિ આપદા રે લાલા નાસે પાપનો વ્યાસ. ભ૦ ૩
જીહો અરિહંત સિદ્ધ આચારજી રે લાલા, ઉવજઝાય સાધુ એ પંચ;
જીહો દંસણ નાણ ચરિત્ત તવો રે લાલા, એ ચઉગુણનો પ્રપંચ. ભ૦ ૪
જીહો એ નવપદ આરાધતાં રે લાલા, ચંપાપતિ વિખ્યાત;
જીહો નૃપ શ્રીપાલ સુખીયો થયો રે લાલા, તે સુણજો અવદાત. ભ૦૫

## ઢાળ ૨જી

### (રાગ... કોઈ પર્વત ધુધલો રે લો)

માલવ ધુર ઉજ્જેણીયે રે લોલ, રાજ્ય કરે પ્રજાપાલ રે; સુગુણનર,
સુરસુંદરી મયણાસુંદરી રે લોલ, બે પુત્રી તસ બાલ રે સુ૦
શ્રી સિદ્ધચક્ર આરાધીયે લો૦ જેમ હોય સુખની માલ રે. સુ૦ શ્રી૦ ૧
પહેલી મિથ્યાશ્રુત ભણી રે લો૦ બીજી જિન સિદ્ધાંત રે; સુ૦
બુદ્ધિપરીક્ષા અવસરે રે લો૦ પૂછી સમસ્યા તુરંત રે. સુ૦ શ્રી૦ ૨
તૂઠ્યો નૃપવર આપવા રે લો૦ પહેલી કહે તે પ્રમાણ રે; સુ૦
બીજી કર્મ પ્રમાણથી રે લો૦ કોપ્યો તે તવ નૃપ ભાણ રે. સુ૦ શ્રી૦ ૩
કુષ્ઠિ વર પરણાવીયો રે લો૦ મયણા વરે ધરી નેહ રે; સુ૦
પ્રિયા હજીય વિચારીએ રે લો૦ સુંદરી વિણસે તુજ દેહ રે૦ સુ૦ શ્રી૦ ૪
શ્રી સિદ્ધચક્ર પ્રભાવથી રે લો૦ નિરોગી થયો જેહ રે; સુ૦
પુન્ય પસાયે કમલા લહી રે લો૦ વાધ્યો ઘણો સસનેહ રે. સુ૦ શ્રી૦ ૫
માઉલે વાત તે જબ લહી રે લો૦ વંદવા આવ્યો ગુરુ પાસ રે; સુ૦
નિજ ઘર તેડી આવીયો રે લો૦ આપે નિજ આવાસ રે૦ સુ૦ શ્રી૦ ૬
શ્રીપાલ કહે કામિની સુણો રે લો૦ હું જાવું પરદેશ રે; સુ૦
માલમત્તા બહુ લાવશું રે લો૦ પૂરશું તુમ તણી ખંત રે. સુ૦ શ્રી૦ ૭
અવધિ કરી એક વરસની રે લો૦ ચાલ્યો નૃપ પરદેશ રે; સુ૦
શેઠ ધવલ સાથે ચાલ્યો રે લોલ, જલપંથે સુવિશેષ રે. સુ૦ શ્રી૦ ૮

## ઢાળ ૩જી

### (રાગ...ઈડર આંબા આંબલી રે)

પરણી બબ્બરપતિસુતા રે, ધવલ મૂકાવ્યો જયાંહ;
જિનઘર બાર ઉઘાડતાં રે, કનકકેતુ બીજી ત્યાંહ.
ચતુરનર, શ્રી શ્રીપાલ ચરિત્ર. ૧

પરણી વસુપાલસુતા રે, સમુદ્ર તટે આવંત,
મકરકેતુ નૃપની સુતા રે, વીણા વાદે રીઝંત. ચતુર૦ ૨
પાંચમી ત્રૈલોક્યસુંદરી રે, પરણી કુબ્જા રૂપ;
છઠ્ઠી સમસ્યા પૂરતી રે, પંચ સખીશું અનુપ ચતુર૦ ૩
રાધાવેધે સાતમી રે, આઠમી વિષ ઉતાર;
પરણી આવ્યો નિજ ઘરે રે, સાથે બહુ પરિવાર ચતુર૦ ૪
પ્રજાપાલે સાંભલી રે, પર દલ કેરી વાત;
ખંધે કુહાડો લેઈ કરી રે, મયણા હુઈ વિખ્યાત ચતુર૦ ૫
ચંપારાજય લેઈ કરી રે, ભોગવી કામિત ભોગ;
ધર્મ આરાધી અવતર્યો રે, પહોંતો નવમે સુરલોક ચતુર૦ ૬

## ઢાળ ૪થી

(રાગ....કંત તમાકુ પરિહરો)

એ મહિમા સિદ્ધચક્રનો, સુણિ આરાધો સુવિવેક મેરે લાલ,
શ્રી સિદ્ધચક્ર આરાધીયે. ૧
અડદલ કમલની સ્થાપના રે, મધ્યે અરિહંત ઉદાર; મેરે લાલ,
ચિહું દિશે સિદ્ધાદિક ચઉ, વિદિસે ચઉ ગુણધાર, મેરે લાલ. શ્રી૦ ૨
બે પડિક્કમણાં યંત્રના રે; પૂજા દેવવંદન ત્રિકાલ, મેરે લાલ;
નવમે દિન સવિશેષથી રે, પંચામૃત કીજે પખાલ, મેરે લાલ. શ્રી૦ ૩
ભૂમિશયન નવ બ્રહ્મ ધારણા, રૂંધી રાખો ત્રણ જોગ, મેરે લાલ;
ગુરુ વૈયાવચ્ચ કીજીયે, ધરો સદ્દહણા ભોગ, મેરે લાલ. શ્રી૦ ૪
ગુરુ પડિલાભી પારીયે રે, સાહમ્મિવચ્છલ પણ હોય, મેરે લાલ;
ઉજમણા પણ નવનવાં, ફૂલ ધાન્ય રયણાદિક હોય, મેરે લાલ. શ્રી૦ ૫

ઈહભવ સવિસુખ સંપદારે, પરભવ સવિસુખ હોય મેરે લાલ;
પંડિત શાંતિવિજય તણો રે, કહે માનવિજય ઉવજઝાય, મેરે લાલ શ્રી૦ ૬

## ત્રણ ઢાળનું સ્તવન
## (ઢાળ ૧લી)

સરસ્વતીને ચરણે નમી, પ્રણમી સદ્‌ગુરુ પાય રે
સિદ્ધચક્રગુણ ગાઈશું મુજમનહર્ષ ઉછાય રે, ધન્ય ધન્ય શ્રી સિદ્ધચક્રને. ૧
તેહ દિવસે સૂરપતિ મલી, જાઈ નંદીશ્વર દ્વીપે રે,
ઉત્સવ મહોત્સવ સુર કરી, કર્મ કટક જીપે રે, ધન્ય૦ ૨
અઠ્ઠાઈ મહોત્સવ કરે; જીવાભિગમની સાખે રે;
શ્રેણિકરાયે પૂછીયું, ઈન્દ્રભૂતિ ઈમ દાખે રે. ધન્ય૦ ૩
શ્રી શ્રીપાલ મયણા પરે, જાપ જપો ભવ્ય પ્રાણી રે.
રોગશોકને આપદા જીમ શમે, તેઉ કાય પ્રાણી રે. ધન્ય૦ ૪
આસો શુદિ સાતમ થકી, પૂનમ લગે ઓલીઓ કરે;
એક્યાસી નવ ઓળીએ, આંબીલ તપ સુવિવેક રે. ધન્ય૦ ૫
સાડાચાર સંવત્સરે, તપનો એહ પરિમાણ રે,
ગુણણું પદ એક એકનું, સહસ્ત્ર દોય સુવિજ્ઞાન રે. ધન્ય૦ ૬

## ઢાળ બીજી

બાર ગુણ અરિહંત ધ્યાઉ, સિદ્ધ ભજો ગુણ આઠેરે
છત્રીસ ગુણે આચાર્ય સોહે, પચવીશ ૐપદ પાઠે રે ૧
ગુણ સતાવીશ સાધુ વંદુ, દર્શન સડસઠ ભેદે રે;
જ્ઞાન એકાવન ગુણે સંપુરો, ચારિત્ર સીત્તેર ઉમેદેરે. ગુણ૦ ૨
પચાસ ભેદે તપને જપીયે, ગુણણું એ વર્તમાન રે;
તેર સહસ વલી બીજે ભેદે વિદ્યાપ્રવાદ પુરાણ રે. ગુણ૦ ૩

અરિહંત આદિ પંચપદ કેશ, ગુણ છે એકસો આઠરે;
દર્શન જ્ઞાનના દશવલી જાણો, ચારિત્ર ષટ બહુ પાઠ રે. ગુણ૦ ૪
તપના ષટગુણ સર્વ મલીને, એકસો ત્રીસ જ થાય રે;
નવકારવાળી એહ પ્રમાણે, સમયે ભવદુઃખ જાયરે. ગુણ૦ ૫
હવે ઉજમણા વિધિસ્યું બોલું, સાંભળજ્યો ચિત્ત લાય રે;
ઉજમણાથી ફલ બહું વાધે, જીમ જલપંકજ ન્યાય રે. ગુણ૦ ૬

## ઢાળ ત્રીજી

તપજપ કરીએ શક્તિથી, તેહતણો છે ભેદ રે.
શક્તિ પ્રમાણે ઉજવો, ભવભવના દુઃખ છેદ રે.
વીરવચનથી જાણવો. ૧
ઉજમણા વિણ ફલ કહ્યું, જીમ અલુણો ધાન્ય રે,
શક્તિ ઘણી છે જેહની, પણ ઉજવે નહિ મનમાન્યો રે. વીર૦ ૨
તેહને ફલ કેતો કહ્યો, સાંભળ શ્રેણિકરાયરે;
કુકશ આપે વર્તિને, પુણ્ય તે જેતો થાય રે. વીર૦ ૩
આત્મજ્ઞાને ધારીયે, ધરીયે શીયલ જગીશરે;
ગુરુપડિલાભીને પારીયે, સ્વામિવત્સલે ફલ લેસીરે. વીર૦ ૪
પાલણપુરમાં પ્રેમસ્યું, શ્રી સિદ્ધચક્ર ગુણ ગાયા રે;
ચતુર ચોમાસું તિહાં રહી, ઉજમણે મન ભાયા રે. વીર૦ ૫

## કલશ

ઈમ સયલ સુહંકર સયલ પુરંદર સંસ્તવ્યો રિસહેશ્વરૂ,
તપગચ્છરાજે વડદીવાજે વિજય જિનેન્દ્રસૂરીશ્વરૂ;
તાસ પસાએ સ્તવન પભણ્યો શિષ્યરૂપ વિજય તણો,
અઢાર એકાસી આસોપૂનમ રંગવિજય ઉલટ ઘણો. ૧

## ચાર ઢાળનું સ્તવન
### (ઢાળ ૧લી)

આસો માસે તે ઓળી આદરી રે લોલ, ધર્યું નવપદજીનું ધ્યાન રે,
શ્રીપાલ ને મયણા સુંદરી રે લોલ.
માલવદેશનો રાજીયો રે લોલ, નામે પ્રજાપાલ ભૂપ રે;
સૌભાગ્યસુંદરી રૂપસુંદરી રે લોલ, રાણી બે રૂપભંડાર રે. શ્રી૦ ૧
એક મિથ્યાત્વી ધર્મને રે લોલ, બીજીને જિનધર્મ રંગ રે;
પુત્રી એકેકી બેહુને રે લોલ, વધે જેમ બીજ કેરો ચંદ રે. શ્રી૦ ૨
સૌભાગ્ય સુંદરીની સુરસુંદરી રે લો, ભણે મિથ્યાત્વી પાસરે;
મયણાસુંદરીને રૂપસુંદરી રે લો, ભણાવે જૈનધર્મ સાર રે. શ્રી૦ ૩
રૂપકલા ગુણે શોભતી રે લો, ચોસઠ કલાની જાણ રે;
બેઠો સભામાં રાજવી રે લો, બોલાવે બાલિકા દોય રે. શ્રી૦ ૪
સોળ શણગારે શોભતી રે લો, આવી ઉભી પિતાજીની પાસ રે;
વિદ્યા ભણ્યાનું જોવા પારખું રે લો, પૂછે રાજા તિહાં પ્રશ્ન રે. શ્રી૦ ૫

### સાખી

જીવ લક્ષણ શું જાણવું કોણ કામદેવ ઘરનાર;
શું કરે પરણી કુમારીકા ઉત્તમ કુલ શું આચાર,
રાજા પૂછે એ ચાર નો આપો ઉત્તમ એક,
બુદ્ધિશાળી કુમરી, આપે ઉત્તર છેક.

### ઢાળ

શ્વાસ લક્ષણ પેલું જીવનું રે લો, રતિ કામદેવ ઘરનાર રે;
જાઈનું કુલ ઉત્તમજાતિમાં રે લો, કન્યાપરણીને સાસરે જાય રે. શ્રી૦ ૬

## સાખી

પ્રથમ અક્ષર વિના, જીવાડનાર જગનો કહ્યો;
મધ્યમ અક્ષર વિના, સંહાર જગનો તે થયો;
અંતિમ અક્ષર વિના, સૌ મન મીઠું હોય,
આપો ઉત્તર એકમાં, જેમ સ્ત્રીને વ્હાલું હોય.

## ઢાળ

આપે ઉત્તરમયણા સુંદરીરેલો, મારી આંખોમાં કાજળ હોય રે. શ્રી૦ ૭

## સાખી

પહેલો અક્ષર કાઢતાં, સોહે નરપતિ સોય,
મધ્યાક્ષર વિના જાણવું, સ્ત્રી મન વ્હાલું હોય;
ત્રીજે અક્ષર કાઢતા, પંડિત પ્યારો થાય,
માગું ઉત્તર એકમાં, તાતે પુત્રીને કહ્યો ત્યાય.
મયણાએ ઉત્તર આપીયો રે લોલ, અર્થ ત્રણેનો વાદળ થાય રે શ્રી૦ (૮)

## ઢાળ

રાજા પૂછે સુરસુંદરી રે લો, કહો પુન્યથી શું પમાય રે,
ધન યૌવન સુંદર દેહડી રે લો, ચોથો મન વલ્લભ ભરથાર રે. શ્રી૦ ૯
કહે મયણા નિજ તાતને રે લો, સહુ પામીયે પુન્ય પસાય રે
શીયલવ્રતે શોભે દેહડી રે લો, બીજી બુદ્ધિ ન્યાયે કરી હોય રે. શ્રી૦ ૧૦
ગુણવંત ગુરુની સંગતી રે લો, મળે વસ્તુ પુન્યને યોગ રે;
બોલે રાજા અભિમાનથી રે લો, કરૂં નિર્ધનને ધનવંત રે. શ્રી૦ ૧૧
સર્વે લોકો સુખ ભોગવે રે લો, એ સઘળો છે મારો પસાય રે;
સુરસુંદરી કહે તાતને રે લો, એ સાચામાં શાનો સંદેહ રે. શ્રી૦ ૧૨
રાય તુઠ્યો સુરસુંદરી રે લો, પરણાવી પહેરામણી દીધ રે;
શંખપુરીનો રાજીયો રે લો, જેનું અરિદમન છે નામ રે. શ્રી૦૧૩

રાયે સેવાર્થે આપીયો રે લો, સુરસુંદરી આપી સોય રે;
રાયે મયણાને પુછીયું રે લો, મારી વાતમાં તને સંદેહ રે; શ્રી૦ ૧૪
મયણા કહે નિજ તાતને રે લો, તમે શાને કરો અભિમાન રે;
સંસારમાં સુખદુઃખ ભોગવે રે લો, તે તો કર્મનો જાણો પસાય રે; શ્રી૦ ૧૫
રાજા ક્રોધે બહુ કળકળ્યો રે લો, ભાખે મયણા શું રોષ વચન રે,
રત્ન હિંડોળે તું હિંચતી રે લો, પહેરી રેશમી ઉંચા ચીર રે; શ્રી૦ ૧૬
જગત સૌ જી જી કરે લો, તારી ચાકર કરે પાય સેવ રે,
એ મારા પસાયથી જાણજે રે લો, રૂઠે રોળી નાંખુ પલ માંય રે; શ્રી૦ ૧૭
મયણા કહે તુમ કુળમાં રે લો, ઉપજવાનો ક્યાં જોયો તો જોશ રે,
કર્મ સંયોગે હું ઉપની રે લો, મલ્યા ખાન પાન આરામ રે; શ્રી૦ ૧૮
તમે મહોટે મને મલ્હાવતા રે લો, મુજ કર્મ તણો જાણો પસાય રે;
રાજા કહે કર્મ ઉપરે રે લો, દિસે તને ઘણો હઠવાદ રે. શ્રી૦ ૧૯
કર્મે આણેલા ભરથારને રે લો, પરણાવી ઉતારું ગુમાન રે;
રાજાનો ક્રોધ શમાવવા રે લો, લેઈ ચાલ્યો રયવાડી પ્રધાન રે. શ્રી૦ ૨૦
નવપદ ધ્યાન પ્રસાદથી રે લો, સવી સંકટ દુર પલાય રે;
કહ્યું ન્યાયસાગરે પહેલી ઢાળમાં રે લો નવપદથી નવનિધિ થાય રે. શ્રી૦૨૧

## ઢાળ ૨ જી

રાજા ચાલ્યો રયવાડીએ, સાથે લીધો છે સૈનિકનો પરિવાર રે
**સાહેલી મોરી, ધ્યાન ધરો અરિહંતનું,**
ઢોલ નગારાં ઘણાં ગડગડે, બરછી અને ભાલાનો ઝણકાર રે. સા૦ ૧
ધૂળ ઉડે ને લોકો આવતાં, રાજા પુછે પ્રધાનને એ કોણ રે; સા૦
કહે પ્રધાન સુણો ભૂપતિ, એ સાતસો કોઢિયા કેરૂ સૈન્ય રે. સા૦ ૨
રાણી રાજાની પાસે યાચવા આવે કોઢિઓ રાજા થાપી એક રે; સા૦
કોઢે ગળી છે જેની અંગુલી યાચવા આવે કોઢીયા કેરો દુત રે. સા૦ ૩

રાણી નહિ અમ રાયને ઉંચ કુલની કન્યા મળે કોઈ રે; સા૦
દાંત ખટકે રે જાણે કાંકરે; તરણું ખટકે નયણ માંહિ જેમ રે. સા૦૪
ગળે ખટકે રે જાણે ડેહરો, રાજા હૈયડે ખટકે મયણાના બોલ રે, સા૦
કોઢીયાને કહે પરણાવીશું, આવજો નગરી ઉજ્જેણીની માંહિ રે. સા૦ ૫
કીર્તિ અવિચલ રાખવા, આપીશ મારી રાજકુમારી કન્યા રે. સા૦
ઉંબર રાણો તે હવે આવીયો, સાથે સાતસો કોઢિયા કેરી જાન રે. સા૦ ૬
આવ્યો વરઘોડો મધ્ય ચોકમાં, ખચ્ચર ઉપર બેઠાં વરરાય રે. સા૦
કોઈ ઠુંઠાને કોઈ પાંગળા, કોઈના મ્હોટા સુપડા કાન રે. સા૦ ૭
કોઈ મુખે ચાંદા ચગચગે કોઈના મુખપર માખીને ભણકાર રે. સા૦
શોરબકોર સુણી સામટો, લાખો લોકો જોવાને ભેગા થાય રે. સા૦ ૮
સર્વે લોકો મલી પૂછતાં, ભૂત-પ્રેત રાક્ષસ કે પિશાચરે; સા૦
ભૂતડાં જાણીને ભસે કુતરાં, લોકો ને મન થયો છે ઉત્પાત રે. સા૦ ૯
કહે જાન લેઈને અમે આવીયા, પરણે અમારો રાણો રાજકન્યારે; સા૦
કૌતુક જોવાને લોકો સાથમાં ઉંબર રાણો આવ્યો રાજદરબાર રે. સા૦ ૧૦
હવે રાજા કહે છે મયણા સાંભળો, કર્મે આવ્યો તુમારો ભરથાર રે; સા૦
કરો અનુભવ હવે સુખનો, જુઓ તમારા કર્મનો પસાય રે. સા૦ ૧૧
કહ્યું ન્યાયસાગરે બીજી ઢાળમાં, નવપદ ધ્યાનથી થશે રે. સા૦
મંગળમાળ રે સાહેલી મોરી, ધ્યાન ધરો અરિહંતનું...રે. સા૦ ૧૨

## ઢાળ ૩ જી

તાત આદેશે મયણા ચિતવે રે લો,
જે જ્ઞાનીએ દીઠું તે થાય રે
કર્મતણી ગતિ પેખજો રે લો.
અંશમાત્ર ખેદ નથી આણતી રે લો,
નવી મુખડાનો રંગ પલટાય રે,
હશે જાયો રાજાનો કે રંકનો રે લો,

પિતા સોંપે જે પંચની સાખ રે. કર્મ૦ ૧
એને દેવની પરે લો,
ઉત્તમ કુળની સ્ત્રીનો એ આચાર રે,
એમ વિચારી મયણાસુંદરી રે લો,
કર્યું તાત વચન પ્રમાણ રે. કર્મ૦ ૨
મુખરંગ પુનમની ચાંદડી રે લો,
શાસ્ત્રો લગ્ન વેળા શુદ્ધ રે;
આવી ઉંબર રાણાની ડાબી બાજુએ રે લો,
જાતે કરે છે હસ્ત મેળાપ, કર્મ૦ ૩
કોઢી રાણો કહે છે રાયને રે લો;
કાગકંઠ મોતી ન સોહાય રે;
હોય દાસી કન્યા તો પરણાવજો રે લો,
કોઢી સાથે શું રાજકન્યાય રે. કર્મ૦ ૪
માતા મયણાની ઝુરતી રે લો,
રોવે કુટુંબ સખી પરિવાર રે,
રાજા તે હઠ મુકે નહિ રે લો,
કહે મારો નથી કોઈ દોષ રે. કર્મ૦ ૫
કોઈ રાજાના રોષને ધીક્કારતા રે લો,
કોઈ કહે કન્યાનો અપરાધ રે;
દેખી રાજકુંવરી અતિ દીપતી રે લો,
રોગી સર્વે થયા રળીયાત રે. કર્મ૦ ૬
ચાલી મયણા ઉંબરની સાથમાં રે લો,
જયાં છે કોઢી તણો જાનીવાસ રે;
હવે ઉંબરરાણો મન ચિંતવે રે લો,

ધીક ધીક મારો અવતાર રે. કર્મ૦ ૭
તારી સુંદર રંગીલી છબી શોભતી રે લો,
તારું જીવન કર્યું મે ધુળધાણી રે,
કહે ઉંબરરાણો મયણા સુંદરી ને રે લો,
તમે ઉંડો કરીને આલોચ રે. કર્મ૦ ૮
તારી સોના સરીખી દેહડી રે લો,
મારી સંગતથી થાશે વિનાશ રે,
તું તો રૂપે કરીને રંભા સારીખી રે લો,
મુજ કોઢી સાથે શું સ્નેહ રે. કર્મ૦ ૯
પતિ ઉંબર રાણા વયણ સાંભળી રે લો,
મયણા હૈયડે દુઃખ ન માય રે;
ઢલક ઢલક આંસુ ઢળે રે લો,
કાગ હસતાં દેડક જીવ જાય રે. કર્મ૦ ૧૦

**સાખી**

કમલીની જળમાં વસે, ચંદ્ર વસે આકાશ;
જે જેહના મનમાં વસે, તે તેહની રે પાસ.
હવે મયણા કહે ઉંબર રાયને રે લો,
તુમે વહાલા છો જીવન પ્રાણ રે;
પશ્ચિમ રવિ ઉગે નહીં રે લો,
નવિ લોપે જલધિ મર્યાદ રે. કર્મ૦ ૧૧
સતિ અવર પુરુષ ઇચ્છે નહિ રે લો,
કદી પ્રાણ જાયે પરલોક રે.
જે પંચની સાખે પરણાવીયો રે લો,
અવર પુરૂષ બાંધવ મુજ હોય રે. કર્મ૦ ૧૨

હવે પાય લાગીને વિનવું રે લો,
તમે બોલો વિચારીને બોલ રે;
એમ રાત્રી વિતી ગઈ વાતમાં રે લો,
બીજે દિન થયો પ્રભાત રે. કર્મ૦ ૧૩
હવે મયણા આદીશ્વર ભેટવાં રે લો,
જાય સાથે લેઈ ભરથાર રે;
કુંકુમ ચંદને જઈ પ્રભુ પુજીયા રે લો,
પ્રભુ કંઠે ઠવી ફુલમાળ રે. કર્મ૦ ૧૪
કરી ચૈત્યવંદન ભાવે ભાવના રે લો,
ધરી મયણા કાઉસગ્ગ ધ્યાન રે;
પ્રભુ હાથે બીજોરૂં શોભતું રે લો,
વળી કંઠે સોહે ફુલમાળ રે. કર્મ૦ ૧૫
શાસન દેવ તે સહુ દેખતાં રે લો,
આપ્યું બીજોરૂ ને ફુલમાળ રે;
લીધું ઉંબરરાણાએ હાથમાં રે લો,
મયણા હૈયડે હરખ ન માય રે. કર્મ૦ ૧૬
પૌષધશાળામાં ગુરુને વાંદવા રે લો,
ચાલ્યો મયણા સાથે ભરથાર રે,
ગુરુ આપે ધર્મતણી દેશના રે લો,
દોહિલો મનુષ્ય અવતાર રે. કર્મ૦ ૧૭
પાંચે ભૂલ્યોને ચારે ચૂકીયો રે લો,
ત્રણનું નવિ જાણ્યું નામ રે.
જગ ઢંઢેરો એમ ફેરીયો રે લો,
છે શ્રાવક અમારૂં નામ રે. કર્મ૦ ૧૮

વળી પપ્પા શું પરખ્યો નહિ રે લો,
વ્હાલા દદો તે કીધો દૂર રે.
લલ્લાશું લાગી રહ્યો રે લો,
વ્હાલા નન્નો રહ્યો હજુર રે. કર્મ૦ ૧૯
ગુરુ એ મયણાને ઓળખી રે લો,
પુછે પ્રશ્ન ગુરુ રસાળ રે;
ઉંબર મયણાએ ગુરુ વાંદિયા રે લો,
ગુરુએ દીધો છે ધર્મલાભ રે. કર્મ૦ ૨૦
સખી પરિવારે શોભતી રે લો,
આજ સખી ન દીસે એક રે;
તેણે સર્વે વૃતાંત સુણાવીયો રે લો,
એકવાતનું છે મને દુઃખ રે. કર્મ૦ ૨૧
દેખી જિન શાસનની હેલના રે લો,
કરે મૂર્ખ મિથ્યાત્વલોક રે,
હવે મયણા ગુરુને વિનવે રે લો,
મટે રોગ જો મજ ભરથાર રે. કર્મ૦ ૨૨
લોક નિંદા ટળે જેહથી રે લો,
તેહ ઉપાય કહે ગુરુરાજ રે
યંત્ર જડીબુટી ને ઔષધી રે લો,
વળી મંત્ર બીજો ઉપચાર રે. કર્મ૦ ૨૩
ગુરુ ક્હે મયણા નહિ સાધુનો આચાર રે
ગુરુ કહે મયણા સુંદરી રે લો.
આરાધો તમે નવપદ સાર રે. કર્મ૦ ૨૪
જેથી વિઘ્ન સહુ દૂર થશે રે લો,

ધર્મ ઊપર રાખો દ્દઢ મન્ન રે,
કહે ન્યાયસાગર ત્રીજી ઢાળમાં રે લો,
તમે સાંભળજો નરનાર રે કર્મ૦ ૨૫

## ઢાળ ૪ થી

મયણા સિદ્ધચક્ર આરાધે ગુલાબે રમતીતી,
નિજ પતિ ઉંબરની સાથે, જાપોને જપતીતી
પહેલે પદે અરહિંત પૂજે ગુલાબે, હણ્યા ઘાતિ અઘાતિ રેજે. જા૦ ૧
ત્રણલોક ઠકુરાઈ છાજે, ગુલાબે૦ વાણી પુર જોજનમાં ગાજે, જાપો૦
બીજા સોહે સિદ્ધ મહારાજ ગુલાબે૦ ત્રણ લોકમાં થઈ શિરતાજ. જાપો૦૨
ત્રીજે પદે આચારજ જાણો, ગુલાબે૦ મળી લાકડી અંધ પ્રમાણે, જાપો૦
ચોથા પદે ઉપાધ્યાય સોહે, ગુલાબે૦ ભણે ભણાવે જન મોહે. જાપો૦ ૩
પાંચમ પદે મુનિરાયા, ગુલાબે૦ ગુણ સત્તાવીશ સોહાયા, જાપો૦
મન-વચન ગોપવી કાયા, ગુલાબે૦ વન્દુ તેહવા મુનિરાયા. જાપો૦ ૪
છઠ્ઠે દર્શન પદ અમોલ, ગુલાબે૦ કોઈ આવે નહિ તસતોલ જાપો૦
સોહે સાતમે પદ વરનાણ, ગુલાબે૦ તેના ભેદ એકાવન જાણ. જાપો૦ ૫
જ્ઞાન પાંચમું કેવલ થાય, ગુલાબે૦ ત્રણે લોકના ભાવ જણાય. જાપો૦
પદ આઠમે ચારિત્ર આવે, ગુલાબે૦ દેવ ઈચ્છા કરે ન પાવે. જાપો૦ ૬
ભવિ જીવો તે ભાવના ભાવે, ગુલાબે૦ કોઈ રીતે ઉદયમાં આવે, જાપો૦
કરો નવમે તપપદ ભાવે, ગુલાબે૦ આઠ કર્મ બળી રાખ થાવે. જાપો૦ ૭
રિદ્ધી આતમ અનંતી પાવે, ગુલાબે૦ દેવદેવી મળી ગુણ ગાવે, જાપો૦
પ્રભુ પૂજો કેસર મદ ઘોળી, ગુલાબે૦ ભરી હરખે હેમ કચોળી. જાપો૦ ૮

વળી શુદ્ધ જળે અંઘોળી, ગુલાબે૦ ચૌગતિની આપદા ચોળી, જાપો૦
દુર્ગતિના દુઃખ દૂરે ઢોલી, ગુલાબે૦ આસો સુદી સાતમથી ખોલી. જાપો૦ ૯
કરે નવ આયંબિલની ઓળી, ગુલાબે૦ મલી સરખી સહીયર ટોળી, જાપો૦
મયણા ઘરે નવપદનું ધ્યાન, ગુલાબે૦ પતિ કાયા થઈ કંચનવાન. જાપો૦ ૧૦
સહુ મંત્રમાં છે શિરદાર, ગુલાબે૦ તમે આરાધો સહુ નરનાર, જાપો૦
ન્યાયસાગરે ઢાળ કહી ચોથી, ગુલાબે૦ સુણો શ્રીપાલ રાસ પોથી, જાપો૦ ૧૧

## ૯ ઢાળનું સ્તવન

## ઢાળ ૧ લી

દેશ મનોહર માળવો, નિરૂપમ નયરી ઉજેણ લલના,
રાજ્ય કરે તિહાં રાજીયો પ્રજાપાલ ભૂપાલ લલના.
શ્રી સિદ્ધચક્ર આરાધીએ શ્રી... ૧
તસ અંગજ બે બાલિકા, મયણા જગ વિખ્યાત લલના,
જિનમતિ પાસે વિદ્યા ભણી, ચોસઠકલા નિધાન લલના. શ્રી... ૨
સાતશે કોઢીનો અધિપતિ, શ્રી શ્રીપાલ નરિંદ લલના,
પરણાવી મયણા તેહને, કોઢીશું ધરતી નેહ લલના શ્રી... ૩
પિયુ ચાલો દેવ જુહારીએ, ઋષભ જિણંદ ઈષ્ટદેવ લલના,
પૂજી પ્રણમી આવીયા, ગુરુપાસે સસનેહ લલના. શ્રી... ૪
કહે મયણા સુણો પૂજયજી, તુમ શ્રાવકનો રોગ લલના,
કવણ કર્મ સંયોગથી, કેમ જાશે એ રોગ લલના. શ્રી... ૫
ગુરુ કહે વત્સ સાંભળો, નહિ અમ અવર આચાર લલના,
સિદ્ધચક્ર યંત્ર જોઈને, કરશું તુમ ઉપકાર લલના શ્રી... ૬

આસો શુદિ સાતમ દિને, કીજે ઓળી ઉદાર લલના,
પાંચે ઈન્દ્રિય વશ કરી, કેવલ ભૂમિ સંથાર શ્રી... ૭
પડિક્કમણા દોય ટંકનાં, દેવવંદન ત્રણ કાળ લલના,
વિધિશું જિનવર પૂજિયે, ગુણણું તેર હજાર લલના. શ્રી... ૮
એમ નવ દિન આંબિલ કરે, મયણા ને શ્રીપાલ લલના,
પંચામૃત ન્હવણે કરી, નવરાવે ભરથાર લલના. શ્રી... ૯
શ્રી સિદ્ધચક્ર સેવા ફળી, પામ્યા સુખ શ્રીપાલ લલના,
પૂર્વ પુન્ય પસાયથી, મુક્તિ લહે વરમાળ લલના શ્રી... ૧૦

## ઢાળ ૨ જી

(રાગ : લાલ રે ચતુર નર.)

શ્રી ગુરુવયણે તપ કરેરે લાલ નારીને ભરથાર રે ચતુરનર.
શ્રી સિદ્ધચક્ર સેવા કરેરે લાલ,
ભક્તિ યુક્તિ ઘણી સાચવે રે લાલ રહે સ્વામી આવાસ રે. ચ. શ્રી૦ ૧
શ્રી અરિહંત પહેલે પદેરે લાલ બીજે સિદ્ધનું ધ્યાન રે ચતુર,
ત્રીજે આચારજ ઉવજ્ઝાયને રે લાલ, સકલસાધુ પ્રણમે પાય રે ચ. શ્રી૦ ૨
દર્શન જ્ઞાન ચરિત્રના રે લાલ, ગુણ સ્તવે ચિત્ત ઉદાર રે, ચ.
નવમે તપ પુરૂં થયું રે લાલ, ફળીયા વાંછિત કાજ રે. ચ. શ્રી૦ ૩
એમ નવદિન આંબિલ કરે રે લાલ, મયણાને શ્રીપાલ રે. ચ.
દંપતિ સુખલીયે સ્વર્ગના રે લાલ, વિલસે સુખ શ્રીકાર રે. ચ. શ્રી૦ ૪
સૂઈ જીમ દોરા પ્રત્યે રે લાલ, આણે કસીદે ઠાય રે. ચતુર,
મયણા બેઉ કુલ ઉદ્ધર્યા રે લાલ, શ્રી જિનધર્મ પસાય રે. ચ. શ્રી૦ ૫
ગુરુ દીવો ગુરુ દેવતા રે લાલ, ગુરુ મોટા મહીરાણ રે. ચ.

ભવોદધિ પાર ઉતારવા રે લાલ, જલધિએ જેમ નાવ રે. ચ. શ્રી૦ ૬
જે નવપદ ગુરુજી દીયા રે લાલ, ધરતા તેહશું નેહ રે. ચ,
પૂરવ પુન્યે પામીયા રે લાલ, મુક્તિ વર્યા ગુણગેહ રે. ચ. શ્રી૦ ૭

## ઢાળ ૩ જી

(રાગ : આ છે લાલ)

રાજગૃહી ઉદ્યાન, સમવસર્યા ભગવાન
આછે લાલ શ્રેણીક વંદન આવીયાજી ૧
હય ગય રથ પરિવાર, મંત્રી અભયકુમાર
આછે લાલ પરિવારે પરિવર્યાજી. ૨
વાંદ્યા પ્રભુજીના પાય બેઠી પર્ષદા બાર
આછે લાલ જિનવાણી સુણવા ભણીજી ૩
દેશના દીયે જિનરાજ સાંભળે સહુ નરનાર;
આછે લાલ નવપદ મહિમા વર્ણવેજી ૪
આસો ચૈત્ર માસ, કીજે ઓળી ઉલ્લાસ
આછે લાલ શુદિ સાતમથી માંડીયેજી. ૫
પંચ વિષય પરિહાર, કેવલ ભૂમિ સંથાર
આછે લાલ જુગતે જિનવર પુજીયેજી. ૬
જપીએ શ્રી નવકાર દેવવંદન ત્રણકાલ
આછે લાલ તેર હજાર ગુણણું ગણોજી. ૭
એમ નવ આંબિલ સાર, કીજે ઓળી ઉદાર
આછે લાલ દંપતિ સુખ લહ્યા સ્વર્ગનાજી ૮
કરતાં નવપદ ધ્યાન મયણાને શ્રીપાલ
આછે લાલ અનુક્રમે મુક્તિ પદ વર્યાજી. ૯

## ઢાળ ૪ થી

(રાગ : અલબેલાની)

આજે ઓચ્છવ છે રે અધિકો, જોવા દર્શન પ્રભુમુખ મટકો
મટકે મોહ્યા રે ઈન્દા, જાણું પ્રભુમુખ પુનમચંદા.
શ્રી સિદ્ધચક્રને રે સેવો. ૧
કેશર ચંદન રે ઘસીયે, નવઅંગે પ્રભુજીની પૂજા રચીએ,
પૂજાના ફળ છે રે મીઠાં, તે તો મયણાયે પ્રત્યક્ષ દીઠાં. શ્રી૦ ૨
પહેલે પદ અરિહંત લીજે, બીજે સિદ્ધ પદ ધ્યાન ધરીજે,
ત્રીજે આચારજ થુણીજે, ઉવજ્ઝાય પદને ચોથે ગુણીજે. શ્રી૦ ૩
પાંચમે સાધુ રે પ્રણમો, છઠ્ઠે દર્શન જ્ઞાન સાતમે,
આઠમે ચારિત્ર રે સાર, નવમે તપ પદ ઉજ્જવલ વાન. શ્રી૦ ૪
એમ નવ આંબિલ કીજે, સ્વામીવત્સલ પારણે દીજે,
રાત્રિ જાગરણ કીજે, સ્વામીભાઈને શ્રીફલ દીજે. શ્રી૦ ૫
એકાશી આંબિલ તપ પૂરૂં, શક્તિસાર કરો ઉજમણું,
સિદ્ધિચક્ર મહિમા છે રે રૂડો, અષ્ટકર્મો થાયે ચકચુરો. શ્રી૦ ૬
ઈમ નવપદને રે ધ્યાતા, મયણા શ્રીપાલ જગવિખ્યાતા,
પુન્યે સિદ્ધચક્રને સેવ્યા, મુક્તિ શિવવધૂ મેવા લેવા. શ્રી૦ ૭

## ઢાળ ૫ મી

(રાગ : ઝુમખડાની)

શ્રી સિદ્ધચક્ર આરાધીયેરે, જેના ગુણ અનંત, જિનેશ્વર પૂજીયે.
અડવિધ અડપાંખડી કરી રે, મધ્યે અરિહંત નમંત. જિનેશ્વર પૂજીયે. ૧
એણી પરે ચક્ર જયું રે, ફરતાં પદ ઠવ્યા છે આઠ, જિનેશ્વર પૂજીયે.
મધ્યભાગ વચ્ચે ઠવ્યા રે, અરિહંત ભગવંત જિનેશ્વર પૂજીયે. ૨

દર્શનજ્ઞાન ચારિત્ર ગણે રે, ક્ષાયિક સમક્તિવંત, જિનેશ્વર પૂજીયે.
કર્મપ્રકૃતિ અડ ક્ષય કરી રે, પંદર ભેદે સિદ્ધ. જિનેશ્વર પૂજીયે. ૩
લોકને અંતે જઈ વસ્યા રે, સાદિ અનંતમે ભાગ, જિનેશ્વર પૂજીયે.
યોગીશ્વર પણ ધ્યાવતા રે, આણી ઠવ્યા નિજલાગ. જિનેશ્વર પૂજીયે. ૪
અરિહંત સિદ્ધસૂરિ નમો રે, ઉવજઝાયને સર્વ સાધુ, જિનેશ્વર પૂજીયે.
દર્શન જ્ઞાન ચારિત્ર તપો રે, એમ નવપદ સંયુક્ત, જિનેશ્વર પૂજીયે. ૫
ભક્તિ કરો સિદ્ધચક્રની રે, જાપ જપો એકાંત, જિનેશ્વર પૂજીયે
નવદિન નવ આંબિલ કર્યા રે, મયણાને શ્રીપાલ. જિનેશ્વર પૂજીયે ૬
દંપતિ નવપદ સેવતાં રે, પામ્યા નવમું સ્વર્ગ, જિનેશ્વર પૂજીયે
આતમ અનુભવ જ્ઞાનથી રે, ભક્ત લહે અપવર્ગ. જિનેશ્વર પૂજીયે ૭

## ઢાળ ૬ ઠ્ઠી

(રાગ : બંગલાની )

સેવો રે ભવિજન ભક્તિભાવ ધ્યાવો રે, સિદ્ધચક્ર ઉમાય, ભવિ સાંભળો.
આસોમાસે ચૈત્ર ઉમંગ, કીજે ઓળી નવ અભંગ, ભાવિ સાંભળો ૧
ઉભય ટંક પડિક્કમણું જાણ, દેવવંદન પૂજા ત્રણકાલ. ભવિ૦
કેસર ચંદન મૃગમદ સાર, પૂજા રચાવો થઈ ઉજમાળ ભવિ૦ ૨
મંગળ દીવો આરતિ થાળ, અક્ષત ફળાદિક નૈવેદ્ય થાલ, ભવિ૦
ચૌદપૂર્વનો જે છે સાર, તેણે કારણ સમરો નવકાર. ભવિ૦ ૩
એ સિદ્ધચક્રની ભક્તિ નિત્ય, નવપદ જાપ જપો એકાંત, ભવિ૦
જપતા નવપદ મયણા શ્રીપાલ, ઉબંર રોગ ગયો તત્કાળ. ભવિ૦ ૪
સાતસો મહપતિ નમણ પ્રભાવ, દેહી પામ્યા કંચનવાન ભવિ૦
બાંધી સંપદા જગજશ નૂર, પામ્યા મુક્તિ સુખ ભરપુર ભવિ૦ ૫

## ઢાળ ૭ મી

(રાગ : મનમોહન મેરે )

સિદ્ધચક્ર સેવા કરો. મનમોહન મેરે, જે છે પરમ દયાલ મન૦
અલિય વિઘન દુર કરે મન૦ ઉતારે ભવપાર મનમોહન મેરે ૧
આસો શુદિ સાતમદિને મન૦ કીજે ઓળી ઉદાર, મન૦
ઊભય ટંક કાઉસગ્ગ કરો મન૦ તજી વિષય પ્રમાદ મન૦ ૨
કેશર ચંદન ઘસી ઘણાં મન૦ પૂજા રચો શ્રીકાર, મન૦
નૈવેદ્ય ફલાદિક ઢોકિયે મન૦ ફૂલે પગર ભરાવ. મન૦ ૩
શ્રી સિદ્ધચક્ર ભક્તિ કરે મન૦ મયણાને શ્રીપાલ મન૦
દેવવંદન કાઉસગ્ગ કરો મન૦ પૂરવ ભવ અભ્યાસ. મન૦ ૪
એમ નવપદ વિધિ સાચવે મન૦ ચાર વર્ષ ષટમાસ, મન૦
દંપતિ નવપદ સેવતા મન૦ લહે મુક્તિ સુખવાસ. મન૦ ૫

## ઢાળ ૮ મી

(રાગ : ધૃત કલ્લોલ પાર્શ્વ પ્યારા રે )

આસો ચૈતર માસે કરો, ઓળી મન ઉલ્લાસે રે,
પૂર્વ દિશિ અરિહંત શ્વેત, બારગુણે સોહંત રે,
ભવિયાં શ્રી સિધ્ધચક્ર આરાધો...૧
મધ્યભાગે સિધ્ધરાજ સોહે, રક્તવર્ણ ગુણ આઠ રે, ભવિયા,
દક્ષિણે આચારજ હોયે, પિતવાન છત્તીસ ગુણ શોભે રે,
ભવિયા...૨
પશ્ચિમે નીલા ગુણ પચવિશ રે વાચક દ્વાદશ અંગી રે, ભવિયા
ઉત્તર દિશે સોહે ધનવાન ગુણ સત્તાવીશ તનુ તાપે રે,
..... ભવિયા ૩

નાણ નમુ અગ્નિખૂણે ભેદ એકાવન ઉજ્જવલ વર્ણ રે, ભવિયા...
નૈઋત્ય ખૂણે દર્શન રાજે, ધવલા સડસઠ ભાજે રે,
ભવિયા ....૪

વાયુખૂણે ચારિત્ર ભલુ રે, સિત્તેર ગુણ પવિત્ર રે, ભવિયા
ઈશાન ખૂણે તપ તપતા  ષડબાહ્ય અભ્યંતર વિરાજે રે ,
ભવિયા.....૫

એમ નવપદ જે પૂજે, તેના રોગ સકળ તિહાં ધ્રૂજે રે,
દંપતિ સાથે નવપદ સેવ્યાં. ચાખે પુન્યે મુક્તિ મેવા રે,
ભવિયા......૬

## ઢાળ ૯ મી

(રાગ : અજીત જિણંદ શું પ્રીતડી )

નવપદ મહિમા સાંભળો, વીરભાંખે હો, જિનધર્મનો મર્મ કે.
પર્ષદા બાર મળી તિહાં, દેવ દેવી હો, નરનારીના વૃંદ કે, ન૦ ૧
જૈન ધર્મ જગ સુરતરુ, જે સેવે હો, ધરી ચિત્ત ઉદાર કે,
આ ભવ પરભવ સુખલહે, જેમ પામ્યા હો, ઉંબર શ્રીપાલ કે ન૦ ૨
પૂછે નૃપ પ્રણમી પ્રભુ, કોણ નૃપતિ હો, કુંવર શ્રીપાલ કે,
એણે ભવે સુખસંપદા, પરભવે હો કેમ સ્વર્ગ નિધાન કે. ન૦ ૩
કહે ગૌતમ શ્રેણીક સુણો, તમને દાખું હો શ્રીપાલ કે ચરિત્ર કે,
નિંદા વિકથા પરિહરી, વળી સાંભળી હો કરો શ્રવણ પવિત્ર કે. ન૦ ૪
અંગ અનોપમ દેશમાં, નૃપ હો હિંસરથ ભૂપાલ કે,
રાણી કમલપ્રભા દેવી, તસ અંગજ હો, કુંવર શ્રીપાલ કે. ન૦ ૫
ગુરુમુખ નવપદ ઊચર્યા, નૃપ સેવે હો, ધરીચિત્ત ઉદાર કે,

ભક્તિ કરે ગુરુદેવની, વ્રત પાળે હો સમક્તિશું બાર કે. ન૦ ૬
પૂર્વે નવપદ આચર્યા શ્રીકાંત, રાજા હો શ્રીકાંતા નાર કે,
તેણે પુન્યે ઋદ્ધિ રમણી મળી, વળી લીધો હો સ્વર્ગ નવમો સાર કે ન૦ ૭
આઠ સખી શ્રીકાંતની તે રાખે હો નવપદશું પ્રેમ કે,
તે પુન્યે નૃપકુલ ઉપની થઈ મયણાની હો તે આઠે બેન કે ન૦ ૮
દેશના સુણી નૃપ રંજિયો, હર્ષિત થયાં હો નગરીના લોક કે,
ભક્તિ કરે સિદ્ધચક્રની કહે ધન ધન હો શ્રી જૈનધર્મ પોત કે. ન૦ ૯
વાધે કમલા કીર્તિને જશ પ્રસરે હો પુન્ય જોગે તેજ કે,
ચરણ કમલ નિત સેવતા, બોલાવે હો વળી મુક્તિ સેજકે. ન૦ ૧૦

## શ્રી નવપદજીનાં સ્તવનો

### (૧)

નવપદ ધરજો ધ્યાન, ભવિ તુમે નવપદ ધરજો ધ્યાન;
એ નવપદનું ધ્યાન ધરતાં, પામે જીવ વિશ્રામ. ભવિ૦ ૧
અરિહંત સિદ્ધ આચારજ પાઠક, સાધુ સકળ ગુણખાણ;ભ૦
દર્શન જ્ઞાન ચારિત્ર એ ઉત્તમ, તપ તપો કરી બહુમાન.ભ૦૨
આસો ચૈત્રની સુદિ સાતમથી, પૂનમ લગી પરમાણ; ભ૦
એમ એકાશી આંબિલ કીજે, વરસ સાડાચારનું માન. ભ૦ ૩
પડિક્કમણા દોય ટંકનાં કીજે, પડિલેહણ બે વાર; ભ૦
દેવવંદન ત્રણ ટંકનાં કીજે, દેવ પૂજો ત્રિકાલ. ભ૦ ૪
બાર આઠ છત્રીશ પચવીશનો, સત્તાવીશ સડસઠ સાર; ભ૦
એકાવન સિત્તેર પચાસનો કાઉસ્સગ્ગ કરો સાવધાન. ભ૦૫
એક એક પદનું ગણણું ગણીએ દોય હજાર, ભ૦

એણી વિધે જે એ તપ આરાધે, તે પામે ભવપાર. ભ૦૬
કરજોડી સેવક ગુણ ગાવે, મોહન ગુણ મણિમાળ; ભ૦
તાસ શિષ્ય મુનિ હેમ કહે છે, જન્મ મરણ દુઃખવાર. ભ૦૭

## (૨)

સિદ્ધચક્ર વર સેવા કીજે, નરભવ લાહો લીજે રે;
વિધિપૂર્વક આરાધન કરતાં, ભવ ભવ પાતક છીજે,
ભવિજન ભજીયે જી, અવર અનાદિની ચાલ,
નિત્ય નિત્ય તજીયે જી. રે ૧
દેવના દેવ દયાકર ઠાકર, ચાકર સુરનર ઈંદાજી;
ત્રિગડે ત્રિભુવન નાયક બેઠા, પ્રણમો શ્રી જિનચંદા ભ૦ ૨
અજ અવિનાશી અકળ અજરામર, કેવલ દંસણ નાણીજી;
અવ્યાબાધ અનંતુ વીરજ, સિદ્ધ પ્રણમો ગુણખાણી. ભ૦ ૩
વિદ્યા સૌભાગ્ય લક્ષ્મી પીઠ, મંત્રરાજ યોગપીઠજી;
સુમેરુ પીઠ એ પંચ પ્રસ્થાને, નમો આચારજ ઈટ્ઠ. ભ૦ ૪
અંગ ઉપાંગ નંદિ અનુયોગા, છ છેદ ને મૂળ ચાર જી;
દસ પયન્ના એમ પણયાલીસ, પાઠક તેહના ધાર. ભ૦ ૫
વેદ ત્રણ ને હાસ્યાદિક ષટ, મિથ્યાત્ત્વ ચાર કષાયજી;
ચૌદ અભ્યંતર નવવિધિ બાહ્યની, ગ્રંથી તજે મુનિરાય ભ૦ ૬
ઉપશમ ક્ષયઉપશમ ને ક્ષાયિક, દર્શન ત્રણ પ્રકારજી;
શ્રદ્ધા પરિણતિ આતમ કેરી, નમીયે વારંવાર. ભ૦ ૭
અટ્ઠાવીશ ચૌદ ને ષટ્ દુગ ઈગ, મત્યાદિકના જાણજી;
એમ એકાવન ભેદે પ્રણમો, સાતમે પદ વરનાણ ભ૦ ૮
નિર્વૃત્તિ ને પ્રવૃત્તિ ભેદે, ચારિત્ર છે વ્યવહારજી;
નિજ ગુણ સ્થિરતા ચરણ તે પ્રણમો નિશ્ચય શુદ્ધપ્રકાર ભ૦ ૯

બાહ્ય અભ્યંતર તપ તે સંવર, સમતા નિર્જરા હેતુજી;
તે તપ નમીયે ભાવ ધરીને, ભવસાગરમાં સેતુ. ભ૦ ૧૦
એ નવપદમાં પણ છે ધર્મી, ધર્મ તે વરતે ચારજી;
દેવ ગુરુ ને ધર્મ તે એહમાં, દોય ત્રણ ચાર પ્રકાર ભ૦ ૧૧
માર્ગદિશક અવિનાશીપણું, આચાર વિચાર સંકેતેજી;
સહાયપણું ધરતા સાધુજી, પ્રણમો એહી જ હેતે ભ૦ ૧૨
વિમલેશ્વર સાંનિધ્ય કરે તેહની, ઉત્તમ જે આરાધેજી;
પદ્મવિજય કહે તે ભવિ પ્રાણી, નિજ આતમ હિત સાધે. ભ૦ ૧૩

## (3)

અવસર પામીને રે કીજે, નવ આંબિલની ઓળી;
ઓળી કરતાં આપદ જાયે, ઋદ્ધિ સિદ્ધિ લહીએ બહુલી. અ૦ ૧
આસો ને ચૈત્રે આદરજો, સાતમથી સંભાળી રે;
આળસ મેલી આંબિલ કરશે તસ ઘર નિત્ય દિવાળી. અ૦ ૨
પૂનમને દિન પૂરી થાય, પ્રેમશું પાપ પખાલી રે;
સિદ્ધચક્રને શુદ્ધ આરાધી જાપ જપે જપમાળી. અ૦ ૩
દેહરે જઈને દેવ જુહારો, આદીશ્વર અરિહંત રે;
ચોવીસે ચાહીને પૂજો, ભાવશું ભગવંત. અ૦ ૪
બે ટંકે પડિક્કમણું કીજે, દેવવંદન ત્રણ કાલ રે;
શ્રી શ્રીપાલતણી પરે સમજી, ચિત્તમાં રાખો ચાલ અ૦ ૫
સમક્તિ પામી અંતરજામી, આરાધો એકાંત રે;
સ્યાદ્વાદ પંથે સંચરતાં, આવે ભવનો અંત. અ૦ ૬
સત્તર ચોરાણું શુદિ ચૈત્રીયે, બારશે બનાવી રે;

સિદ્ધચક્ર ગાતાં સુખ સંપત્તિ, ચાલીને ઘેર આવી. અ૦ ૭
ઉદયરત્ન વાચક એમ જંપે, જે નર નારી ચાલે રે;
ભવની ભાવઠ તે ભાંજીને, મુક્તિપુરીમાં મ્હાલે. અ૦ ૮

## (૪)

સિદ્ધચક્રને ભજીયે રે, કે ભવિયણ ભાવ ધરી;
મદમાનને તજીએ રે, કે કુમતિ દૂર કરી;
પહેલે પદે રાજે રે, કે અરિહંત શ્વેત તનુ,
બીજે પદે છાજે રે, કે સિદ્ધ પ્રગટ ભણું સિદ્ધ૦ ૧
ત્રીજે પદે પીળા રે કે આચાર્ય કહીએ;
ચોથે પદે પાઠક રે, કે નીલવર્ણ લહીએ. સિદ્ધ૦ ૨
પાંચમે પદ સાધુ રે, કે તપ સંયમ શૂરા;
શ્યામ વર્ણે સોહ રે, કે દર્શન ગુણે પુરા. સિદ્ધ૦ ૩
દર્શન જ્ઞાન ચારિત્ર રે, કે તપ સંયમ શુદ્ધ વરો;
ભવિયણ ચિત્ત આણી રે, કે હૃદયમાં ધ્યાન ધરો. સિદ્ધ૦ ૪
સિદ્ધચક્રને ધ્યાને રે, કે સંકટ સર્વ ટળે;
કહે ગૌતમ વાણી રે, કે અમૃત પદ પાવે સિદ્ધ૦ ૫

## (૫)

(રાગ...સિદ્ધચક્ર પદ વંદો રે)

સકલ કુશળ કમલાનું મંદિર, સુંદર મહિમા રે જાસ;
નવપદમાં નવનિધિના દાતા, સિદ્ધ અનેકમાં વાસ રે.
ભવિકા, સિદ્ધચક્ર સુખકાર.
તુમે આરાધો નરનાર રે... ભવિકા... ૧

પ્રથમ પદે અરિહંત આરાધો, સ્ફટિક રત્ન સમ વાન;
પદ્મરાગ મણિની પરે રાતા, બીજે સિદ્ધનું ધ્યાન રે. ભ૦ ૨
ત્રીજે આચારજ અનુસરીયે, કંચન કાંતિ અનોપ;
પદ ચોથે ઉવજઝાયને પ્રણમો, ઈંદ્ર નીલસમ વાન રે. ભ૦ ૩
સર્વ સાધુ પદ પંચમે પ્રણમો; શ્યામવર્ણ સુખકાર;
છટ્ઠે દરિસણ જ્ઞાન સાતમ, આઠમે ચારિત્ર સાર રે. ભ૦ ૪
તપનું આરાધન પદ નવમે, ચાર એ ઉજ્જવલ વરણા;
ઈહ લોગુત્તમ એહીજ મંગલ, કરવા એહનું શરણ રે. ભ૦ ૫
આસો ચૈત્રી અટ્ઠાઈ માંહી, નવ આંબિલ નવ ઓળી;
સિદ્ધચક્રની પૂજા કરતાં, દુઃખ સવિ નાંખો ઢોળી રે. ભ૦ ૬
સિદ્ધચક્ર પૂજાથી સઘળી, સંપદા નિજ ઘર આવે;
દુષ્ટ કુષ્ટ પ્રમુખ જે રોગો, તે પણ દૂરે જાવે રે. ભ૦ ૭
પૃથ્વી નિરુપમ નયરી ઉજ્જેણી, દોય પુત્રી તસ સારી;
સુરસુંદરી મિથ્યાત્ત્વને પંખી, મયણા જિનમત ધારી રે. ભ૦ ૮
સુરસુંદરી કહે સવિ સુખ અમને, છે નિજ તાત પસાય;
મયાણા કહે એ ફોગટ કુમત, સુખ દુઃખ કર્મ પસાય રે. ભ૦ ૯
તસ વચને નૃપ કોપ્યો એહ, આવ્યો ઉંબર ઈણ સમે;
સાતસે કોઢીનો એ અધિપતિ, તેણે માંગી કન્યા રે. ભ૦ ૧૦
નૃપ કહે મયણા તુજ કર્મે, આણ્યો એ વર રસાલ;
તવ મયણા મન ધીરજ ધરીને કંઠે ઠવે વરમાલ રે. ભ૦ ૧૧
શુભ વેલા પરણી દોય પહોંચ્યા, શ્રી જિનવર પ્રાસાદે;
રૂષભદેવ પૂજી ગુરુ પાસે, આવ્યા ધરી ઉલ્લાસે રે. ભ૦ ૧૨
પ્રણમી મયણા કહે ગુરુને, ભાખો કોઈ ઉપાય;
જેહથી તુમ શ્રાવકની કાયા સર્વ નિરોગી થાય રે. ભ૦ ૧૩

ગુરૂ કહે અમને મંત્રજંત્રાદિક, કહેવા નહિ આચાર;
યોગ્યપણું જાણી અમે કહેશું, કરવાને ઉપગાર રે. ભ૦ ૧૪
નવદિન નવ આંબિલ તપ કરીને, સિદ્ધચક્ર નિત્ય પૂજે;
ન્હવણતણું જલ છાંટો અંગે, રોગ સકલ તિહાં ધ્રુજે રે. ભ૦ ૧૫
ગુરુવચને આંબિલતપ કરીને, શ્રી સિદ્ધચક્ર આરાધ્યો;
ઉંબર કોઢ ગયો તસ દૂરે, રૂપ અનુપમ વાધ્યો રે. ભ૦ ૧૬
શ્રી શ્રીપાલ નરેન્દ્ર થયો જે, પરણ્યો બહુ કન્યાય
પ્રજાપાલ થયો પણ શ્રાવક, શ્રી જિનધર્મ પસાય રે. ભ૦ ૧૭
અનુક્રમે ચંપા રાજ્ય લહીને, પાળે અખંડીત આણ;
જગમાંહે જસવાદ થયો બહુ, નિત્ય નિત્ય રંગ મંડાણ રે. ભ૦ ૧૮
મહામંત્ર પરમેષ્ઠી તણો એ, ભવદુઃખ નાસે અવિલંબ;
સકલ સિદ્ધી વશ કરવાનો, એહ અનુપમ યંત્ર રે. ભ૦ ૧૯
એહનો મહિમા કેવલી જાણે, કિમ છદ્મસ્થ પ્રકાશે;
તે માટે એ સકલ ધર્મથી, જિન ધર્મ સાચો ભાસે રે. ભ૦ ૨૦
તે માટે ભવિયણ ભાવે, સિદ્ધચક્ર કરો સેવા;
આ ભવ પરભવ બહુ સુખસંપદા, જિમ લહીએ શિવમેવા રે. ભ૦ ૨૧
સુરત બંદર રહી ચોમાસું, સ્તવન રચ્યું એ વારી;
સત્તરસે બાસ઼ઠ વરસે, સંઘ સકલ હિતકારી રે. ભ૦ ૨૨
સિદ્ધચક્રનો મહિમા સુણતાં, હોવે સુખ વિસ્તાર;
શ્રી વિજયસેનસૂરીશ્વર રાજ્યે, દાનવિજય જયકાર રે, ભ૦ ૨૩

## (૬)

અલબેલાની જેઉં વાટડી રે, અલબેલાની જોઉં વાટડી રે,
મ્હારી ખસી ખસી જાયે રે પાટલી રે, જાણે ઘેબર કેરી માટલી રે.
અલબેલાની૦ ૧

પ્રેમ ધરીને પરખીયે રે, અંતરભાવે હરખીયે રે;
નેકનજરથી નિરખીયે રે. અલ૦ ૨
નવપદને મનમાં ધરો રે, શિવસુંદરી સ્હેજે વરો રે;
પ્રદક્ષિણાએ ફેરા ફરો રે. અલ૦ ૩
પહેલે પદે અરિહંતના રે, ગુણ ગાવો ભગવંતના રે;
કર્મ ચૂરો જેમ તંતના રે. અલ૦ ૪
બીજે પદે સિદ્ધ શોભતા રે, ત્રણ ભુવન નહિ લોભતા રે;
તુમે કોઈ ઉપર નહિ કોપતા રે. અલ૦ ૫
ત્રીજે પદે સુખ પામીયે રે, આચારજ શીશ નામીયે રે;
અષ્ટ કર્મ દુઃખ વામીયે રે. અલ૦ ૬
ચોથે પદે ઉવજઝાયને રે, સમરે સંપત્તિ થાય ને રે;
દુઃખ દોહગ સહુ જાયને રે. અલ૦ ૭
પંચમું પદ સુખે વરો રે, સાધુ સકલ હૈયે ધરો રે;
ભવસમુદ્ર સ્હેજે તરો રે. અલ૦ ૮
સમક્તિ સરખી સુંદરી રે, ખટપટને મૂકો પરી રે;
સ્હેજે શિવસુંદરી વરી રે. અલ૦ ૯
જ્ઞાન ચારિત્ર ને તપનો રે, ચઉદ ભુવનમાં ખપનો રે;
નવપદ વિના નહીં જપનો રે. અલ૦ ૧૦
નવપદ નિશ્ચે જાણીયે રે, શિવસુંદરી સુખ માણીએ રે;
શુભવીર વિજયની વાણીએ રે. અલ૦ ૧૧

## (૭)

(રાગ...નમો નિત્ય નાથજી રે)

શ્રી સિદ્ધચક્રની સેવના રે, નવપદ જેહમાં પ્રધાન;
પુષ્ટીલંબન એહ છે રે, કીજે નિર્મલ ધ્યાન;
ભવિકજન ધ્યાઈએ રે, ધ્યાતા ધ્યાન પ્રમાણ અનુભવ પામીયે રે. ૧
તત્ત્વત્રયી એહને વિષે રે, ધરમી જેહમાં પંચ;
ચાર ઘરમેં કરી દીપતો રે, જે આપે સુખ સંચ. ભ૦ ૨
દ્વાદશ ગુણથી શોભતાં રે, તિરથપતિ જિનરાજ;
*ભવિક કમલ પ્રતિબોધતા રે, સારે વાંછિત કાજ. ભ૦* ૩
આઠ કરમના નાશથી રે, પ્રગટ્યા ગુણ એકત્રીસ;
સાધી પૂરણતા દશા રે, સિદ્ધ નમું સુજગીસ. ભ૦ ૪
જ્ઞાનાનંદે પૂરણો રે, છત્રીશ ગુણના નિધાન;
આગમ શુદ્ધ પ્રરૂપતારે, જે જિનરાજ સમાન. ભ૦ ૫
ચોથે પાઠક ભવિ નમો રે, પણવીશ ગુણ સપ્રમાણ;
સૂરિપદની ધરે યોગ્યતા રે, સૂત્ર અરથના જાણ. ભ૦ ૬
જ્ઞાનક્રિયા અભ્યાસથી રે, ષટ્દાયક પ્રતિપાળ;
સત્યાવીશ ગુણે સોહતા રે, સાધુજી પરમ દયાળ. ભ૦ ૭
છટ્ઠે પદ દરશન ભલું રે, સડસઠ ભેદ વિચાર;
નિર્મલ તત્ત્વ રૂચિ થઈ રે, જેહથી ભવોદધિ પાર.ભ૦ ૮
નાણ અનુપમ સાતમે રે, ભેદ એકાવન જાણ;
પાંચે જ્ઞાન આરાધતાં રે, પામે પદ નિવારણ. ભ૦ ૯
ચારિત્ર ગુણનીધિ આઠમે રે, સિત્તેર ભેદ અનૂપ;
નિજગુણ સત્તા રમણતા રે, થિરતાએ અનુરૂપ. ભ૦ ૧૦
ષટ્ બાહ્ય ષટ્ અભ્યંતરે રે, ભેદ પચાસ અછેહ.

કરમ તપાવે જે સહી રે, તપ નવમેં ગુણગેહ. ભ૦ ૧૧
નવપદ વિધિશું આરાધતાં રે, મયણા ને શ્રીપાળ;
નરસુર સંપદ ભોગવી રે, લેશે શિવ વરમાળ. ભ૦ ૧૨
સિદ્ધિચક્રની સેવના રે, કરતાં પાપ પલાય;
જિન ઉત્તમ સુપસાયથી રે, રત્નવિજય ગુણગાય.
ભવિજન ધ્યાઈએ રે. ૧૩

## (૮)

સૌ ચાલો ભવિજન જઈએ;
નમી વંદી પાવન થઈએ;
સિદ્ધચક્ર સિદ્ધિનાં નવસ્થાન છે,
પહેલે પદ અરિહંત તે ઉજ્જવલ વર્ણ સંત
શ્રેણીક મહારાજા, આરાધે ગુણનું ધામ છે. ૧
બીજે પદ વળી સિદ્ધ, રાતા વર્ણે પ્રસિદ્ધ;
શ્રીપાલ રાજા, અનંત ગુણોનું ધામ છે. ૨
ત્રીજે પદ વળી આચાર્ય, તે પીળા વર્ણે ઉદાર;
ગુણ છત્રીસ પંચાચારનું તો કામ છે. ૩
ચોથે પદ ઉવજ્ઝાય તે નીલ વર્ણે મનાય;
ગુણ પચવીશ ગુણોની એ તો ખાણ છે. ૪
પાંચમે પદે સાધુ, શ્યામ વર્ણે હું આરાધું;
ગુણનું ભાજન, સત્તાવીશનું ધ્યાન છે. ૫
છઠ્ઠે પદ દર્શન દેખીને ચિત્ત પ્રસન્ન
ઉજ્જવલ વર્ણે સડસઠ વર્ણનું એ સ્થાન છે. ૬
સાતમે પદે નાણ, એકાવન પદે જાણ;

ગુણથી ધોળું સત્યવાનનું એ કામ છે. ૭
આઠમે પદે ચારિત્ર, તેહ રે આતમ પવિત્ર
શુક્લ વર્ણે, સિત્તેર ભેદની ખાણ છે. ૮
નવમેં પદે વળી તપ, મોક્ષ નો મારે ખપ;
સફેદ વર્ણે, પચાસ ભેદોનું એ કામ છે. ૯
આરાધે શ્રીપાલ રાજા, દેવલોકે ગુણ અવાજો;
મયણા સુંદરી, સતી શિરોમણી સાર છે. ૧૦
શ્રી મુનિચંદ્ર ગુરુરાયા, સિદ્ધચક્ર બતાવે સાર;
આતમ કાજે, ગુણનો એ તો ભંડાર છે. ૧૧
અરિહંતાદિક નવપદ, ૐ હ્રીં યુક્ત પદ;
મારા મિત્રો પૂજવાનો આ અવસર છે. ૧૨
નમો હીરસૂરિરાયા, વળી વિજયસેનસૂરિરાયા;
રૂપ વિજય ગાવે નવપદ ગુણ રે. ૧૩

## (૯)

નવપદ મહિમા સાર, સાંભળજો નરનાર,
આ છે લાલ ! હેજ ધરી આરાધીએજી;
તો પામો ભવપાર, પુત્ર કલત્ર પરિવાર.
આ છે લાલ ! નવ દિન મંત્ર આરાધીએજી. ૧
આસો માસ સુવિચાર, નવ આયંબિલ નિરધાર,
આ છે લાલ ! વિધિશું જિનવર પૂજિયેજી;
અરિહંત સિદ્ધપદ સાર, ગણણું તેર હજાર,

આ છે લાલ ! નવપદ મહિમા કીજીએજી. ૨
મયણા સુંદરી શ્રીપાળ, આરાધ્યો તત્કાળ,
આ છે લાલ ! ફળદાયક તેહનો થયો જી;
કંચનવરણી કાય, દેહડી તેહની થાય,
આ છે લાલ ! શ્રી સિદ્ધચક્ર મહિમા કહ્યોજી ૩
સાંભળી સહુ નરનાર, આરાધ્યો નવકાર,
આ છે લાલ ! હેજ ધરી હૈડે ઘણુંજી;
ચૈત્ર માસ વળી એહ, ધરો નવપદશું નેહ,
આ છે લાલ ! પૂજ્યો છે શિવસુખ ઘણુંજી. ૪
એણી પરે ગૌતમસ્વામ, નવનિધિ જેહને નામ,
આ છે લાલ ! નવપદ મહિમા વખાણીએજી;
ઉત્તમસાગર શિષ્ય, પ્રણમે તે નિશદિન,
આ છે લાલ ! નવપદ મહિમા જાણીએજી ૫

## (૧૦)

અહો ભવિ પ્રાણી રે ! સેવો સિદ્ધચક્ર ધ્યાન સમો નહિ મેવો,
જે સિદ્ધચક્ર આરાધે, તેની કિર્તી જગમાં વાધે ઓ ! ભાવિ. ૧
પહેલે પદે રે અરિહંત, બીજે સિદ્ધ બુદ્ધ ધ્યાન મહંત;
ત્રીજે પદે રે સૂરિશ્વર, ચોથે ઉવજઝાય ને પાંચમે મુનીશ્વર. ઓ ! ભાવિ૦ ૨
છઠ્ઠે દરશિન કીજે, સાતમે જ્ઞાનથી શિવસુખ લીજે;
આઠમે ચારિત્ર પાળો, નવમે તપથી મુક્તિ ભાળો.. ઓ ! ભવિ૦ ૩
ઓળી આંબેલની કીજે, નવકારવાળી વીશ ગણીજે;
ત્રણે ટંકના રે દેવ, પડિલેહણ પડિક્કમણાં આંબેલ. ઓ ! ભવિ૦ ૪

ગુરુમુખ કિરિયા રે કીજે, દેવ-ગુરુ ભક્તિ ચિત્તમાં ધરીજે;
એમ કહે રામનો શિષ્ય, ઓળી ઉજવજો જગદીશ. ઓ ! ભવિ૦ ૫

## (૧૧)

શ્રી સિદ્ધચક્ર આરાધીયે, શિવસુખ ફળ સહકાર લાલ રે;
જ્ઞાનાદિક ત્રણ રત્નનું, તેજ ચઢાવણહાર લાલ રે. શ્રી સિદ્ધ૦ ૧
ગૌતમે પૂછતાં કહ્યાં, વીરજિણંદ વિચાર લાલ રે;
નવપદ મંત્ર આરાધતાં, ફળ લહે ભવિક અપાર લાલ રે શ્રી સિદ્ધ૦ ૨
ધર્મરથના ચાર ચક્ર છે, ઉપશમ ને સુવિવેક લાલ રે;
સંવર ત્રીજું જાણીયે, ચોથું શ્રી સિદ્ધચક્ર લાલ રે. શ્રી સિદ્ધ૦ ૩
ચક્રી ચક્રને રથ બલે, સાધે સયલ છ ખંડ લાલ રે;
તિમ સિદ્ધચક્ર પ્રભાવથી, તેજ પ્રતાપ અખંડ લાલ રે; શ્રી સિદ્ધ૦ ૪
મયણાં ને શ્રીપાળજી, જપતાં બહુ ફળ લીધ લાલ રે;
ગુણ જશવંત જિનેન્દ્રનો, જ્ઞાન વિનોદ પ્રસિદ્ધ લાલ રે. શ્રી સિદ્ધ૦ ૫

## (૧૨)

સિદ્ધચક્ર વંદો જયકારી હું તો વારી જાઉં વાર હજારી,
અરિહંત સિદ્ધ ગુણધારી, આચારજ ઉપગારી,
ઉવજઝાય સકલ અણગારી. સિદ્ધચક્ર૦ ૧
વર દરશણ નાણ જીતારી, સુખકરણ ચરણ હિતકારી,
શમરસ યુત તપ ચિત્તધારી સિદ્ધચક્ર૦ ૨
એ નવપદ દુરિતવિદારી વળી સહુ જગજન મનહારી,
તુમે સેવો નિત નિરધારી. સિદ્ધચક્ર૦ ૩
નવપદ સહુ સુર નરારાયા, વંદે નિત ચિત્ત ગુણલાયા,
એ તો અશરણ શરણ કહાયા, સિદ્ધચક્ર૦ ૪

નવપદ ભવજલધિ જહાજા, એ સકલ ભુવન મહારાજા,
નિત ચિત્ત ધરીયે હિતકામ. સિદ્ધચક્ર૦ ૫
અગણિત જગ જીઉ ઉદારા, નવપદ સમરણ ઉરધારા,
ભયે મુગતિ રમા ભરથારા સિદ્ધચક્ર૦ ૬
નવપદ સેવે સુખકંદા ભયા તે સિરિયાલ નરિંદા,
નિત લહીયા પરમ આણંદા. સિદ્ધચક્ર૦ ૭
નવપદ કે મહિમા ઉદારા કોઈ પામી ન શકે પારા,
કિતને કહુ ગુણ વિસ્તારા. સિદ્ધચક્ર૦ ૮
પાર્શ્વપ્રભુ અંતરજામી, તસુ ચરણ અનુગ્રહ પામી,
શિવચંદ્ર નમે શિરનામી. સિદ્ધચક્ર૦ ૯

## (૧૩)

### ( રાગ : બનવારી રે )

નરનારી રે, ભમતા ભવ ભર દરિયે,
નવપદનું ધ્યાન સદા ધરિયે, સુખકારી રે, તો શિવસુંદરી વરિયે,
નવપદનું ધ્યાન સદા ધરિયે... નવપદ..૧
પહેલે પદ શ્રી અરિહંત રે, કરી અષ્ટ રિપુનો અંત રે,
થયા શિવરમણીનાં કંત રે, પદ બીજે રે સિદ્ધ ભજી દુઃખ હરિયે
નવપદ..૨

આચાર્ય નમો પદ ત્રીજે રે, ચોથે પાઠક પદ લીજે રે;
પ્રીતેથી પાય પ્રણમીજે રે, પદ પાંચમે રે મહારાજા ઉચ્ચરીએ
નવપદનું...૩

છઠ્ઠે દર્શન પદ જાણો રે, જ્ઞાન ગુણ તે મુખ્ય વખાણો રે,
આ જગમાં એ ખરૂં નાણું રે, બહુ ખરચો રે તોયે ન ખુટે જરીયે
નવપદનું... ૪

ચારિત્ર પદ નમો આઠમે રે, નવમે તપ કરો બહુ ઠાઠે રે,
દુઃખ દારિદ્ર જેહથી નાસે રે, જિનવરની રે પ્યારથી પૂજા કરીએ
નવપદનું... ૫

નવદિન શિયલ વ્રત પાળો રે, પડિક્કમણું કરી દુઃખ ટાળો રે,
જેમ ચંપાપતિ શ્રીપાળો રે, મનમાંહિ શંકા ન રાખો જરિયે.
નવપદનું...૬

ઓગણીશ અઠ્ઠાવન વરસે રે, પોષ માસ પૂનમ તિથિ ફરસે રે,
ભવિ ગાવે તે ભવ નવિ ભમશે રે, નિર્ભયથી રે ધર્મ કહે ભવ તરિયે.
નવપદનું ... ૭

## (૧૪)
## નવપદનું સ્તવન

ફુલ કમલનું મહેકતું રે, જેની પાંખડીઓ આઠ(૨)
ધ્યાન ધરો સિદ્ધચક્રનું, હાં રે પ્રભુ ભક્તિનો ઠાઠ(૨)
નવપદની આરાધના...(૧)

દેવ-ગુરુને ધર્મનો રે, જેમાં છે શુભવાસ(૨)
દુઃખ દોહગ દૂર કરે, હાંરે પૂરે વાંછિત આશ(૨)

નવપદની આરાધના...(૨)
રોગનાશક દિવ્ય ઔષધિ રે, હરે વિષને વિકાર(૨)
ભૂત પિશાચનાં દોષને, જેને દૂર કરનાર(૨)
નવપદની આરાધના...(૩)
આગમ રહસ્યથી ભર્યો રે, નવપદ મનોહાર(૨)
ભવિજન સેવો ભાવથી, હાં રે જૈન શાસનનો સાર(૨)
નવપદની આરાધના...(૪)
વિદ્યાઓ વિવિધ પ્રકારની રે, બધા મંત્રોનું સ્થાન(૨)
લબ્ધિ અઠ્ઠાવીસ એહમાં, કરે પદમ યશો ગાન(૨)
નવપદની આરાધના...(૫)

## શ્રી નવપદ-સિદ્ધચક્રની સજઝાયો

### શ્રી અરિહંતપદની સજઝાય (૧)

વારી જાઉં શ્રી અરિહંતની, જેહના ગુણ છે બાર મોહન;
પ્રાતિહારજ આઠ છે, મૂલ અતિશય ચાર, મોહન...વા૦ ૧
વૃક્ષ અશોક સુર કુસુમની વૃષ્ટિ દિવ્યધ્વનિ વાણ મોહન,
ચામર સિંહાસન દુંદુભિ ભામંડલ છત્ર વખાણ, મોહન...વા૦ ૨
પૂજા અતિશય છે ભલો, ત્રિભુવન જનને માન, મોહન,
વચનાતિશય જોજનગામી, સમજે ભવિ અસમાન મોહન...વા૦ ૩
જ્ઞાનાતિશય અનુત્તરતણાં, સંશય છેદણહાર, મોહન,
લોકાલોક પ્રકાશતા, કેવલજ્ઞાન ભંડાર મોહન...વા૦ ૪
રાગાદિક અંતરરિપુ, તેહનો કીધો અંત, મોહન,
જિહાં વિચરે જગદીશ્વરુ, તિહાં સાતે ઈતિ શમંત, મોહન...વા૦ ૫

એહવા અપાયાપગમનો, અતિશય અતિ અદ્ભુત, મોહન,
અહર્નિશ સેવા સારતા, કોડી ગમે સુર હુંત, મોહન...વા૦ ૬
મારગ શ્રી અરિહંતનો, આદરીયે ગુણગેહ, મોહન;
ચાર નિક્ષેપે વાંદીએ, જ્ઞાનવિમલ ગુણગેહ મોહન... ૭

## શ્રી સિદ્ધપદની સજ્ઝાય (૨)

નમો સિદ્ધાણં બીજે પદે રે લાલ જેહના ગુણ આઠ રે;
હું વારી લાલ...
શુકલધ્યાન અનલે કરી રે લાલ, બાળ્યા કર્મ કઠોર રે.
હું વારી લાલ...૧
જ્ઞાનાવરણીય ક્ષયે લહ્યું રે લાલ, કેવલજ્ઞાન અનંત રે,
હું વારી લાલ...
દર્શનાવરણીય ક્ષયથી લહ્યા રે લાલ, કેવલ દર્શન કંત રે.
હું વારી લાલ...૨
અક્ષય અનંત સુખ સહજથી રે લાલ, વંદનીય કર્મનો નાશ રે,
હું વારી લાલ...
મોહનીય ક્ષયે નિર્મલું રે લાલ, ક્ષાયિક સમક્તિ વાસ રે.
હું વારી લાલ... ૩
અક્ષયસ્થિતિ ગુણ ઉપન્યો રે લાલ, આયુકર્મ અભાવ રે;
હું વારી લાલ...
નામકર્મક્ષયે નીપન્યો રે લાલ, રૂપાદિક ગતિ ભાવ રે.
હું વારી લાલ... ૪

અગુરુલઘુ ગુણ ઉપન્યો રે લાલ ન રહ્યા કોઈ વિભાવ રે,
હું વારી લાલ...
ગોત્રકર્મના નાશથી રે લાલ, જિન પ્રગટ્યા જસ ભાવ રે;
હું વારી લાલ...
આઠે કર્મ નાશી ગયા રે લાલ, અનંત અક્ષય સુખવાસ રે.
હું વારી લાલ... ૬
ભેદ પંદર ઉપચારથી રે લાલ, અનંત પરંપર ભેદ રે;
હું વારી લાલ...
નિશ્ચયથી વીતરાગના રે લાલ, કિરણ કર્મ ઉચ્છેદ રે,
હું વારી લાલ... ૭
જ્ઞાનવિમલની જ્યોતિમાં રે લાલ, ભાસિત લોકાલોક રે;
હું વારી લાલ...
તેહના ધ્યાન થકી થશે રે લાલ, સુખીયા સઘળા લોક રે,
હું વારી લાલ...નમો૦ ૮

## શ્રી આચાર્ય પદની સજઝાય (૩)

આચારી આચાર્યનુંજી, ત્રીજે પદ ધરો ધ્યાન
શુભ ઉપદેશ પ્રરૂપતાંજી, કહ્યા અરિહંત સમાન;
સૂરીશ્વર નમતાં શિવસુખ થાય, ભવભવના પાતિક જાય...સૂરીશ્વર... ૧
પંચાચાર પલાવતાંજી, આપણપેં પાલંત
છત્રીસ છત્રીસી ગુણેજી અલંકૃત તનુ વિલસંત...સૂ... ૨
દર્શન જ્ઞાન ચારિત્રનાંજી, એકેક આઠ આચાર;
બારહ તપ આચારનાજી, ઈમ છત્રીસ ઉદાર...સૂ... ૩

પડિરૂપાદિક ચઉદ છે જી, વળી દશવિધ યતિધર્મ;
બારહ ભાવના ભાવતાંજી, એ છત્રીસે મર્મ...સૂ... ૪
પંચેન્દ્રિય દમે વિષયથીજી, ધારે નવવિધ બ્રહ્મ;
પંચમહાવ્રત પોષતાં જી, પંચાચાર સમર્થ...સૂ... ૫
સમિતિ ગુપ્તિ શુદ્ધિ ધરેજી, ટાળે ચાર કષાય;
એ છત્રીસે આદરેજી, ધન્ય ધન્ય તેહની માય...સૂ... ૬
અપ્રમત્તે અર્થ ભાખતાંજી, ગણી સંપદ જે આઠ;
છત્રીસ ચઉવિનયાદિકેજી, ઈમ છત્રીસી પાટ...સૂ... ૭
ગણધર ઉપમા દીજીયે જી, યુગપ્રધાન કહાય;
ભાવચારિત્રી એહવા જી, જિહાં જિનમાર્ગ ઠરાય...સૂ... ૮
જ્ઞાનવિમલ ગુણ ગાવતાં જી, ગાજે શાસનમાંહે;
તે વાદી નિર્મળ કરો જી, બોધિ બીજ ઉચ્છાહ...સૂરીશ્વર...૯

## શ્રી ઉપાધ્યાય પદની સજ્ઝાય (૪)

ચોથે પદ ઉવજ્ઝાયનું રે ગુણવંતનું ધરો ધ્યાન રે;
યુવરાજ સમ તે કહ્યા રે, પદ સૂરિને સમાન રે...ચો. ૧
જે સૂરિસમાન વ્યાખ્યાન કરે, પણ મન ન ધરે અભિમાન રે;
વળી સૂત્ર અર્થનો પાઠ દીયે, ભવિજીવને સાવધાન રે...ચો. ૨
અંગ અગિયાર ચઉદપૂર્વ જે, ભણે ભણાવે જેહ રે;
ગુણ પચવીસ અલંક્યા, દૃષ્ટિવાદે અર્થના ગેહ રે...ચો. ૩
બહુ નેહે અર્થ અભ્યાસે સદા, મન ધરતાં ધર્મધ્યાન રે;
કરે ગચ્છ નિશ્ચિત પ્રવર્તક, દીયે સ્થવિરને બહુમાન રે...ચો. ૪
અથવા અંગ અગ્યાર જે વળી, તેહના બાર ઉપાંગ રે,
ચરણ કરણની સિત્તરી જે, ધારે આપણે અંગ રે...ચો. ૫

વળી ધારે આપણે અંગ, પંચાગી તમે શુદ્ધ વાણ રે;
નય ગમ ભંગ પ્રમાણ વિચારને, દાખતાં જિનવર આણ રે...ચો. ૬
સંઘ સકળ હિતકારીયા, રત્નાધિક મુનિ હિતકાર રે;
પણ વ્યવહાર પ્રરૂપતાં, કહે દશ સમાચારી આચાર રે... ૭
ઇન્દ્રિય પંચથી વિષય વિકારને, વારતાં ગુણગેહ રે;
શ્રી જિનશાસન ધર્મધૂરા, નિરવહતા શુચિ દેહ રે...ચો. ૮
પચવીશી પચવીશ ગુણતણી જે, ભાખી પ્રવચન માંહે રે;
મુક્તાફળ શુક્તિપરે દીપે, જશ અંગ ઉચ્છાહે રે...ચો. ૯
જસ દીપે અતિ ઉચ્છાહે, અધિક ગુણે જિનથી એકતાન રે;
એહવા વાચકનું ઉપમાન શું કહું; જેહથી શુભધ્યાન રે...ચો. ૧૦

## શ્રી સાધુપદની સજઝાય (૫)

તે મુનિને કરુ વંદન ભાવે, જે ષટ્કાયવ્રત રાખે રે,
ઇન્દ્રિય પણ દમે વિષયવિકારથી વળી શાંત સુધારસ ચાખે રે...તે૦ ૧
લાભતણાં નિગ્રહને કરતાં, વળી પડિલેહણાદિક કિરિયા રે,
નિરાશંસ યતનાએ બહુદીપે, વળી કરણશુદ્ધિ ગુણદરીયા રે...તે૦ ૨
અહનિશ સંયમ યોગશું યુક્તા, દુર્ધર પરિષહ સહતાં રે;
મન વચન કાય કુશળતા યોગે, વર્તાવ ગુણ અનુસરતાં રે...તે૦ ૩
છંડે નિજ તનુ ધર્મને કાજે, ઉપસર્ગાદિક આવે રે;
સતાવીશ ગુણે કરી સોહે, સૂત્રાચારને ભાવે રે...તે૦ ૪

જ્ઞાનદર્શન ચારિત્રતણાં જે, ત્રિકરણ જોગ આચાર રે;
અંગે ધરે નિઃસ્પૃહતા શુદ્ધિ, એ સત્તાવીશ ગુણ સાર રે...તે૦ ૫
અરિહંત ભક્તિ સદા ઉપદેશે, વાચક સૂરિના સહાઈ રે;
મુનિ વિણ સર્વ ક્રિયા નવી સૂઝે, તીર્થ સકલ સુખદાઈ રે...તે૦ ૬
પદ પાંચમે એણીપરે ધ્યાવો, પંચમી ગતિને સાધો રે;
સુખી કરજો શાસનનાયક, જ્ઞાનવિમલ ગુણ વાધો રે...તે૦ ૭

## (૬)

શ્રી મુનિચંદ્ર મુનીશ્વર વંદીએ, ગુણવંતા ગણધાર, સુજ્ઞાની;
દેશના સરસ સુધારસ વરસતા, જિમ પુષ્કર જળધાર. સુ૦ શ્રી૦ ૧
અતિશય જ્ઞાની પર ઉપકારીઆ, સંયમ શુદ્ધ આચાર; સુ૦
શ્રી શ્રીપાલ ભણી જાપ આપીઓ, કરી સિદ્ધચક્ર ઉદ્ધાર. સુ૦ શ્રી૦ ૨
આંબિલ તપ વિધિ શીખી આરાધીયો, પડિક્કમણાં દોયવાર; સુ૦
અરિહંતાદિક પદ એક એકનું, ગુણણુ દોય હજાર. સુ૦ શ્રી૦ ૩
પડિલેહણ દોય ટંકની આદરે, જિનપૂજા ત્રણકાળ; સુ૦
બ્રહ્મચારી વળી ભોંયસંથારે, વળી ન આળ પંપાળ. સુ૦શ્રી૦ ૪
મન એકાગ્ર કરી આંબિલ કરે, આસો ચૈતર માસ; સુ૦
સુદી સાતમથી નવદિન કીજીયે, પુનમ ઓચ્છવ ખાસ. સુ૦શ્રી૦ ૫
એમ નવ ઓળી એકાશી આંબિલે પૂરી પૂરણ હર્ષ; સુ૦
ઉજમણું પણ ઉદ્યમથી કરે, સાડા ચારે રે વર્ષ. સુ૦શ્રી૦ ૬

એ આરાધનથી સુખસંપદા, જગમાં કીર્તિ રે થાય; સુ૦
રોગ ઉપદ્રવ નાશે એહથી, આપદા દૂરે પલાય સુ૦શ્રી૦ ૭
સંપદા વાધે અતિ સોહામણી, આણા હોય અખંડ; સુ૦
મંત્ર જંત્ર તંત્ર સોહતો, મહિમા જાસ પ્રચંડ સુ૦શ્રી૦ ૮
ચક્રેશ્વરી જેહની સેવા કરે, વિમળેશ્વર દેવ; સુ૦
મન અભિલાષ પૂરે સવિ તેહના, જે કરે નવપદ સેવ. સુ૦શ્રી૦ ૯
શ્રીપાળે તેણીપરે આરાધીઓ, દૂર ગયો તસ રોગ; સુ૦
રાજ ઋષિ દિન દિન પ્રત્યે વાધતો, મનવંછિત લહ્યો ભોગ. સુ૦શ્રી૦ ૧૦
અનુક્રમે નવમેભવ સિદ્ધિ વરશે, સિદ્ધચક્ર સુપસાય; સુ૦
એણીપરે જે નિત્ય આરાધશે, તસ જશવાદ ગવાય. સુ૦શ્રી૦ ૧૧
સાંસારિક સુખ વિલસી અનુક્રમે, કરીએ કર્મનો અંત સુ૦
ઘાતિ અઘાતિ ક્ષય કરી ભોગવે, શાશ્વત સુખ અનંત. સુ૦શ્રી૦ ૧૨
એમ ઉત્તમગુરુ વયણ સુણી કરી, પાવન હુઆ બહુ જીવ; સુ૦
પદ્મવિજય કહે એ સુરતરુસમો, આપે સુખે સદૈવ. સુ૦ શ્રી૦ ૧૩

## (૭)

સરસ્વતી માતા મયા કરો, આપો વચન વિલાસો રે;
મયાણાસુંદરી સતી ગાઈશું, આણી હિયડે ભાવો રે. ૧
નવપદ મહિમા સાંભળો, મનમાં ધરી ઉલ્લાસો રે;
મયણાસુંદરી શ્રીપાલને, ફલીયો ધર્મ ઉદારો રે. ન૦ ૨
માલવદેશમાંહી વલી, ઉજ્જેણી નયરી નામ રે;
રાજ્ય કરે તિહાં રાજીઓ, પુહવીપાલ નરિંદો રે. ન૦ ૩

રાયતણી મન મોહની, ધરણી અનોપમ દોય રે;
તાસ કૂખે સુતા અવતરી, સુરસુંદરી મયણા જોડ રે. ન૦ ૪
સુરસુંદરી પંડિત કને, શાસ્ત્ર ભણી મિથ્યાતો રે;
મયણાસુંદરી સિદ્ધાંતનો, અર્થ લીયો સુવિચારો રે. ન૦ ૫
રાય કહે પુત્રી પત્યે, હું તૂઠો તુમ જેહો રે;
વંછિત વર માગો તદા, આપું અનોપમ તેહો રે. ન૦ ૬
સુરસુંદરીએ વર માગીઓ પરણાંવી શુભ ઠામો રે;
મયણાસુંદરી વયણાં કહે, કર્મ કરે તે હોય રે. ન૦ ૭
કરમે તુમારે આવીયો, વર વરો બેટી જેહો રે;
તાત આદેશે કર ગ્રહ્યો, વરીયો કુષ્ટી તેહો રે. ન૦ ૮
આંબિલનો તપ આદરી, કોઢ અઢાર નિકાલો રે;
સદ્‌ગુરુ આજ્ઞા શિર ધરી, હુઓ રાય શ્રીપાલો રે. ન૦ ૯
તપ પ્રસાદે સુખ સંપદા, પ્રત્યક્ષ સવિ પહુંતો રે;
ઉપસર્ગ સવી દૂરે ટળ્યા, પામ્યો સુખ અનંતો રે. ન૦ ૧૦
દેશ દેશાંતર ભમી કરી આવ્યો તે વરસતો રે;
નવ રાણી પરણ્યો ભલી, રાજ્ય પામ્યો મનરંગો રે. ન૦ ૧૧
તપગચ્છ દિનકર ઉગીયો, શ્રી વિજયસેન સુરીદો રે;
તાસ શિષ્ય વિમલ વિનવે, સતીય નામે આણંદો રે. ન૦ ૧૨

## (૮)

ગુરૂ નમતાં ગુણ ઉપજે, બોલે આગમવાણ
શ્રી શ્રીપાલ ને મયણાસુંદરી, સદ્દહે ગુણખાણ;
શ્રી મુનીચંદ્ર મુનીસર બોલે, અવસર જાણ... ૧
આંબિલનો તપ વર્ણવ્યો, નવપદ નવે રે નિધાન;

કષ્ટ ટળે આશા ફળે, વાધે વસુધા વાન. શ્રી૦ ૨
રોગ જાયે રોગી તણાં, જાએ સોગ સંતાપ;
વાહલા વૃંદ ભેળા મળે, પુણ્ય વધે ઘટે પાપ. શ્રી૦ ૩
ઉજ્જવલ આસો સાતમ, તપ માંડે શિવ હેત;
પુરણવિધિ પૂનમ લગે, કામિની કંત સમેત. શ્રી૦ ૪
ચૈત્ર સુદિ માંહે તિમ, નવ આંબિલ નિરમાય;
ઈમ એકાશી આંબિલે, એ તપ પૂરો થાય. શ્રી૦ ૫
રાજ નિષ્કંટક પાલતા, નવશત વરસ વલી જેહ;
દેશવિરતિપણું આદરી, દીપાવ્યો જગ એહ. શ્રી૦ ૬
ગજરથ સહસ તે નવ હુઆ, નવ લખ તેજી તુખાર,
નવ કોડી હય દલ ભલું, નવનંદન નવ નાર. શ્રી૦ ૭
તપજપ ઉદ્યાપન થકી, લાધો નવમો સર્ગ;
સુરનરના સુખ ભોગવી, નવમે ભવ અપવર્ગ. શ્રી૦ ૮
હંસવિજય કવિરાયના, જિમ જલ ઉપર નાવ;
આપ તરે પર તારવે, મોહન સુહ સ્વભાવ. શ્રી૦ ૯

## નવપદ સજ્ઝાય (૯)

હીરણ્યપુર નામે નગરમાં, રાય નામે શ્રીકાંત;
શ્રીમતિ નામે રાણી તેહની, શુદ્ધ સમક્તિ વંત
પ્રાણી આરાધો સિદ્ધચક્ર
જિમ લહીયે સુખ અનંત રે પ્રાણી ...૧
રાજા મિથ્યામતી અતિ ઘણો, સુણે ન રાણીની વાત;
આખેટક વ્યસની ઘણો રે, કરે હિંસા તે કુમત રે પ્રાણી ...૨
એક દિન શિકારે જાવતાં, સાતસેં ઉલ્લંઠ સાથ;


કાઉસગ્ગ મુદ્રાએ સ્થિર રહ્યા રે, મુનિ દેખે નરનાથ ...૩
હાંસીથી શ્રીકાંત રાજા કહે રે, કુષ્ટ રોગે પીડ્યો એહ;
ઉલ્લંઠ સાતસેં એમ સુણીને, પીડે મુનિવર દેહ ...૪
તાડના કરે મુનિને ઘણીરે, જેમ જેમ ઉલ્લંઠ લોક;
તેમ તેમ રાજા રાજી હુએ રે, બાંધતા પાપનો થોક ...૫
એક દિન શિકારે એકલો રે, ગયો રાજા ધરી પ્યાર;
મૃગ ન આવ્યો હાથમાં રે, ભૂલ્યો મારગ તેણીવાર ...૬
નદી નજીક આવતાં રે, દેખી મુનિવર એક;
કાને ઝાલીને જળમાં બોળતો, પીડે પ્રકાર અનેક ...૭
એક દિન ઝરુખે બેસીને, નગર નિહાળે રાય;
ભિક્ષાર્થે ભમતાં મુનિ દેખીને, રાજા દિલે દુભાય ...૮
સેવકને કહે સાધુને રે, કાઢો નગરની બહાર;
રાય હુકમ સુણી કરી રે, થયા સેવક તૈયાર ...૯
વાત જાણી એહ રાણીએરે, નૃપને ઓલંભો દીધ;
મુનિ તેડી ઘર આણીયારે, વિનય બહુલો કીધ ...૧૦
ખમાવી બે જણ ભાવથી રે, પાપ નિવારણ કાજ;
મારગ પૂછે મુનિરાજને રે, ભવજલધિમાં જહાજ ...૧૧
નવપદ આરાધન કરો રે, મુનિવર ભાખે એમ;
પાપ સકલ દૂરે ટળે રે, લહીએ વાંછિત ક્ષેમ... ...૧૨
રાજા-રાણી બેઉ તપ તપી રે, થયા મયણાને શ્રીપાલ;
પૂર્વકૃત કર્મ યોગથી રે, આપદ સંપદ આય... ...૧૩
નવપદ મહિમા અતિ ઘણો રે, કહેતાં ન આવે પાર;
ગુરુ અમૃત એમ ઉચ્ચરે રે, ભાવે સેવો નરનાર ...૧૪
પાર્શ્વપ્રભુને વીરજી રે, શીવ સુખના દેનાર;
સુમતિપ્રભુ સાચો દેવ છે રે, વેરાવળે મનોહાર ...૧૫

## (૧૦)

રાજગૃહી ઉદ્યાન, સમોસર્યા ભગવંત આછે લાલ
શ્રેણિક વંદન આવિયાજી. ૧
હયગય રથ પરિવાર, મંત્રી અભયકુમાર, આછે લાલ.
બહુ પરિવાર સુપરિવર્યાજી ૨
વાઘા પ્રભુજીના થાય, બેઠી પરષદા બાર, આછે લાલ;
જિનવાણી સુણવા ભણીજી. ૩
દેશના દિયે જિનરાય, સાંભળે સહુનરનાર, આછે લાલ.
નવપદ મહિમા વર્ણવેજી. ૪
આસો - ચૈત્રમાસ, કીજે ઓળી ઉલ્લાસ, આછે લાલ;
સુદિ સાતમથી માંડીયેજી. ૫
પંચ વિષય પરિહાર, કેવળ ભૂમિ સંથાર, આછે લાલ;
જુક્તે જિનવર પુજીએજી. ૬
ગણિએ શ્રી નવકાર, દેવવંદન ત્રણ કાલ, આછે લાલ;
તેર હજાર ગુણણું ગણોજી. ૭
નવ આંબિલ નિરમાય, કીજે ઓળી ઉદાર, આછે લાલ;
દંપતી સુખ લીયે સ્વર્ગનાજી. ૮
મયણાં ને શ્રીપાલ, જપતાં નવપદ જાય, આછે લાલ;
અનુક્રમે શિવરમણી વર્યાજી. ૯
ઉત્તમસાગર શિષ્ય, પ્રણમે તે નિશદિન, આછે લાલ
નવપદ મહિમા જાણીએજી. ૧૦

**પ.પૂ. તપાગચ્છસૂર્ય ગચ્છાધિપતિ આચાર્યભગવંત શ્રીમદ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્ય રત્ન (પંચ પરમેષ્ઠિના તૃતીય પદે આરૂઢ થનાર) પંન્યાસપ્રવર રત્નશેખર વિજયજી મ. સા. ની પ્રેરણાથી**


- શ્રી શાન્તાક્રુઝ તપાગચ્છ શ્વેતામ્બર મૂ. પૂ. જૈન સંઘ- મુંબઈ
- શ્રી શ્વેતામ્બર મૂ. પૂ. જૈન સંઘ - નાગપુર
- શ્રી સાગર જૈન ઉપાશ્રય - પાટણ
- શ્રી શ્વેતામ્બર મૂ. પૂ. જૈન-સમી
- શ્રી સુપાર્શ્વનાથાય શ્વે. મૂ. પૂ. જૈન સંઘ - નખત્રાણા, કચ્છ
- શ્રી ભક્તિ પાર્શ્વનાથ આનંદનગર શ્વે. મૂ. પૂ. જૈન સંઘ - નવાવાડજ, અમદાવાદ.
- શ્રી શ્વેતામ્બર મૂ. પૂ. જૈન સંઘ - ઉદયપુર
- શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જૈન શ્વે. મૂ. પૂ. સંઘ - ગોદાવરી, અમદાવાદ
- મુનીશ્રી વિદ્યાચંદ્ર વિ. મ. સા. ની પ્રેરણાથી તેમના ૨૫ વર્ષના સંયમ જીવન અનુમોદનાર્થે...
  શ્રી કચ્છ-કોડાય વિશા ઓસવાલ શ્વે. મૂ. પૂ. જૈન મહાજન સંઘ
- ભરતભાઈ ભાઈલાલભાઈ - ગોરેગાંવ, મુંબઈ
- અમેરિકા નિવાસી લીલાવતીબેન વીરચંદભાઈ શાહ પરિવાર


પ.પૂ.આ.વિ. ધર્મસૂરિ મ.સા.
પ.પૂ.આ.વિ. ભક્તિસૂરિ મ.સા.
પ.પૂ.આ.વિ. સુબોધસૂરિ મ.સા.
તપાગચ્છસૂર્ય પ.પૂ. આ.દેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા.
પ.પૂ. નૂતન આચાર્યદેવશ્રી વિજય
રત્નશેખરસૂરીશ્વરજી મ.સા.



# શુભેચ્છક

**પૂ.સા.શ્રી મોક્ષદર્શનાશ્રીજી મ.સા. (સંસારી સુપુત્રી)**
**ની પ્રેરણાથી**





ઈ શાહ
ભાઈ શાહ
લી, ક્રિયા

સદ્ધિ નિવાસી ... રિયદ નિવાસી

સ્વ. શાહ તારાબેન શંકર ... તારાબેન શંકરલાલ

વર્ષાબેન ગીરીશભાઈ શાહ
સોનલબેન સંજયભાઈ શાહ
મોક્ષેશ, રાજ, અંજલી, ક્રિયા

ડીઝાઈન :
જૈનમ્ ગ્રાફીક્સ
અમદાવાદ. ફોન-૨૫૬૨૭૪૫૯, મો. ૯૮૨૫૮ ૫૧૭૩૦